


# સેરેબ્રલ પાલ્સી (મગજનો લકવા) જીવન પર્યંતનો પડકાર

પેજ નં. પાંચ ઉપર

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ
કોશિશ થી કામયાબી
Since 1-8-1974
વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક
૧૫ જુલાઈ - ૨૦૨૨, અંક નં. ૧૧૫ / ૪૮૧

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 July - 22 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# બહેરાં મૂંગા શાળા
## તસ્વીર સમાચાર




સંસ્થાના ડૉ. સંતોષભાઈ યાદવ
"Award for Teachers With Highest Potential" ના એવોર્ડથી સન્માનિત




શ્રવણમંદ બાળકોએ
રમત-ગમતમાં મેળવેલ સિદ્ધિ





બ્યૂટી પાર્લર કોર્સ - અભિવાદન કાર્યક્રમ




વાલી
મિટિંગ

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર. . . . . . . . . . . ૦૨
- INDEX . . . . . . . . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE . . . . . . . . . . . ૦૪
- સેરેબ્રલ પાલ્સી એ મગજની ઈજાથી થતી અસામાન્ય વિકાસની સ્થિતિ છે . . . . . . . . . . . ૦૫
- સ્વલિનતાને પરાસ્ત કરતા માતા-પુત્ર . . . . . . . . . ૦૬
- બધિર સપ્તાહની ઉજવણી . . . . . . . . . . . . . . ૦૬
- શેઠ શ્રી વી. સી. લોઢાવાળા હૉસ્પિટલ . . . . . . . . ૦૭
- પી. એન. આર. હૉસ્પિટલ . . . . . . . . . . . . . ૦૮
- સેરિબ્રલ પાલ્સી બાળકોની વિશિષ્ટ શાળા . . . . . . . ૦૯
- 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ . . . . . . . . . . . . . ૧૦
- ટ્રસ્ટી મંડળની મીટિંગ. . . . . . . . . . . . . . . . ૧૦
- એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક . . . . . . . . . . ૧૧
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ . . . . . . . . . . . . . . ૧૨
- નટરાજ લાઈબ્રેરી . . . . . . . . . . . . . . . . ૧૨
- ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ - વિઝ્યુઅલી ઈમ્પાયર્ડ . . . . . . ૧૩
- આન્તર રાષ્ટ્રીય મહિલા દિવસ પર દૃષ્ટિબાધિત સુદામા ચક્રવર્તી એક દિવસ માટે કટનીના કલેક્ટર બન્યા. ૧૩
- શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ) . . . ૧૪
- શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા . . . . . . ૧૫
- પ્રજ્ઞાચક્ષુઓને છેતરાતાં બચાવતુ નવું એપ્લિકેશન : 'દ્રષ્ટિ' ૧૬
- ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ - હિયરીંગ ઈમ્પાયર્ડ . . . . . . . ૧૭
- પી.આર.વી. કૃત્રિમ સાધન સહાય વર્કશોપ . . . . . . ૧૯
- 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની શાળા . . . . . . . . ૨૦
- ડોનેશન લિસ્ટ. . . . . . . . . . . . . . . . . . ૨૦
- દિવ્યાંગ બાળકની માતા પોતાના જેવા બાળકો માટે ઘરે જ કેન્દ્ર ચલાવે છે. . . . . . . . . . . . . ૨૧
- ગ્રોસરી કીટ સહાય વિતરણ . . . . . . . . . . . . . ૨૨
- દિવ્યાંગ મહિલા આવાસ રિપેરીંગ સહાય યોજના . . . . ૨૨
- શ્રી પરાગભાઈ શેઠનું અનુકરણીય કાર્ય . . . . . . . . ૨૨
- શ્રી કટકિયા પરિવાર તરફથી પી.એન.આર. સોસાયટીના આંગણે હરખ-જમણ . . . ૨૨
- પી.એન.આર. સોસાયટી તસ્વીર સમાચાર . . . . . . ૨૩


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## વિજેતા દિવ્યાંગ ખેલાડીઓને અભિનંદન

વિકલાંગતા મનમાંથી જ કાઢી નાખવાના પી.એન.આર. સોસાયટીના પ્રયત્નો આશ્ચર્યજનક રીતે સફળ થઈ રહ્યાં છે. સ્પેશિયલ ખેલ-કૂદની સ્પર્ધા માટે થનગનતા નટરાજ સી.પી.સ્કૂલ, કે. એલ. ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ ડેફ અને 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળાના દિવ્યાંગ ખેલાડીઓએ ચાલુ વર્ષે રાજ્ય અને રાષ્ટ્રિય કક્ષાએ ભાવેણાનો ડંકો વગાડી દીધો અને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ્સનો ઢગલો થઈ ગયો. પ્રોત્સાહકોએ દિવ્યાંગોને માનસિક લઘુતાગ્રંથીમાંથી મુક્ત કરી, સમધારણ બનાવી, **ઈન્કલુઝન**ને સફળતા અપાવી, આ દિવ્યાંગ ખેલાડીઓએ સંસ્થા, વિશિષ્ટ શિક્ષકો અને વાલીઓ બધાંને ઉજળા કરી દેખાડ્યા. બધાંનો પરિશ્રમ સાર્થક થયો. **સંસ્થાના દિવ્યાંગ ખેલાડીઓએ રાજ્ય અને રાષ્ટ્રિય કક્ષામાં મેળવેલ મેડલ,** જેમાં નટરાજ સી.પી.સ્કૂલે ગોલ્ડ-૧૩, સિલ્વર-૧૫, બ્રોન્ઝ-૧૪ મળી કુલ ૪૨ તથા કે. એલ. ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ ડેફએ ગોલ્ડ-૭, સિલ્વર-૨૦, બ્રોન્ઝ-૯ મળી કુલ ૩૬ અને અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની શાળાના ૭ દિવ્યાંગ ખેલાડીઓએ **રૂ.૨૧,૦૦૦/-** ના રોકડ પુરસ્કાર મેળવ્યા છે.

નોર્મલ કહેવાતાં આપણે સૌ મન ન લાગવું, કંટાળો-હતાશા-નિરાશા જેવી મેન્ટલ ડિસેબિલિટીથી પાણીમાં બેસી જઈએ છીએ, ત્યારે દિવ્યાંગો આ નબળાઈ ઉપરાંત ખોડખાંપણની ઉપરવટ જઈ, મૂંઠી ઉંચેરા માનવી સાબિત થયા છે, એ તો સ્વિકારવું જ પડશે. આ દિવ્યાંગ પ્રતિભાશાળી ખેલાડીઓ ભાવી **અર્જૂન એવોર્ડ** વિજેતા બને તેવી કામના કરીએ.

✍ **કિરીટ રાઠોડ**

**The pain you feel today will be the strength you feel tomorrow.**

**- Anonymous**


- **Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2022-24, Monthly
- **અંક નં. : ૧૧૫ / ૪૮૧**
**૧૫ જુલાઈ - ૨૦૨૨**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
૨૪૩૧૧૬૦
**E-mail :** info@pnrsociety.org
klinstitute.deaf@gmail.com
**Visit us :** www.pnrsociety.org
www.klinstitutedeaf.org
- તંત્રી
**અનંત કે. શાહ**
- સહતંત્રી
**અશ્વિન પંડ્યા**
**કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
**અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
**આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
**રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
**ફાલ્ગુની ખાટસુરિયા**
**નેહલ ત્રિવેદી**
**જ્યોતિ ભટ્ટી**
**આરિફ જેઠવા**
**પારસ શાહ**
**ભરત કનાડા**
**મનસુખ સોરઠિયા**



- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE



K. D. PADIA

### ◈ Great Leap forward by PNR High-tech Inclusive-School

"Sapta Rangi Summer Camp" aimed at developing extra-curricular competence of its wards, the PNR High- Tech Inclusive School organised during 2nd to 11th May,2011 was a great success. Participants were pupils of Std. $I^{st}$ to $VIII^{th}$. Activities included sports, music, yoga, karate, drawing competition, Balsabha, picnic and one-minute game show, etc. At the end of Summer Camp, the students were taken on tour to a temple. For students of std. $IX^{th}$ to $XII^{th}$ the school organised Career-Guidance Camp. This is not all. The School organised Ration-Kit distribution for the parents of the poor students.

### ◈ KLID Masters all Fronts

All arms of the K.L.Institute for the Deaf (KLID) have been in the news for their brilliant work. 'Shringar Project' of Secondary and Higher Secondary Schools' students saw its conclusion with felicitations to successful trainees and educational tour to Science City of students of both schools, guardians meeting, glittering show of students in District-Level Khel-Mahakumbh organised by All Gujarat Sports Council of the Deaf, participation in Bhavnagar Carnival on $299^{th}$ birthday of Bhavnagar and above all, KLID's Artificial limb and Appliances Workshop's free camps for the poor have been chief activities. KLID Trust-run Teachers Training College established its recognition as one of the front-rank colleges in special educators training area in the country.

### ◈ Other Important Activities

PNR Special Hospital & Sheth V. C Lodhawala Hospital continued to serve the poor patients and others at charitable rates in the area of orthopedic, ophthalmology, ENT, Arthroscopy, Maternity and child welfare. many. Very poor patients were rendered financial assistance from their Medical-Relief Schemes. Nataraj C.P. School and Ankur Special School for Mentally Retarded besides their academic work encouraged their wards to participate in District-Level competitions and bagged medals. All round performance of Disha-cum-Vikas Project of the National Trust, retro-fitting of houses of Disabled Women, Ration-kits distribution among the poor from generous donation of UK-based Impact Foundation, success stories and useful information for the disabled community have found place in this issue.

# સેરેબ્રલ પાલ્સી એ મગજની ઈજાથી થતી અસામાન્ય વિકાસની સ્થિતિ છે

## સી.પી. વિશે આટલું જાણીએ :

સી.પી. એ બાળકના જન્મ પહેલા, જન્મ સમયે કે તુરંત બાદ થતી મગજની ઈજાના કારણે ઉદ્‌ભવતી કાયમી હલનચલન અને સંકલનની સમસ્યા છે જે અન્ય શારીરિક મુશ્કેલીઓ સર્જે છે. સી.પી. એ રોગ નથી. પરંતુ એક વખત જે સી.પી.નો ભોગ બને છે, તેને જીવન પર્યંત મોટો પડકાર જીલવો પડે છે. વહેલાસરની તપાસ, નિદાન, સારવાર, તાલીમ અને વિશિષ્ટ શિક્ષણની મદદથી કુમળી વયમાં સી.પી. નો ભોગ બનેલા બાળકોને તે દયાજનક સ્થિતિમાંથી બહાર કાઢી; હસતા અને આત્મનિર્ભર બનાવી શકાય છે.

## સી.પી. એક જટીલ વિકલાંગતા છે :

અસરગ્રસ્ત બાળકોને, જીવનના રોજિંદા દૈનિક કાર્યોની તાલીમની જરૂરિયાત રહે છે. તે માટે ઘરના વિવિધ કાર્યો દ્વારા, તેમજ સંસ્થા દ્વારા આ દરેક પ્રવૃત્તિઓને શીખવવા માટે, ઉપલબ્ધ કરેલા સાધનોથી સી.પી.ના નિષ્ણાંત શિક્ષકો, ફિઝિયો-ઓક્યુપેશનલ થેરાપિસ્ટ, સ્પીચ થેરાપિસ્ટ અને કેરગીવર્સ દ્વારા, લાંબો સમય સુધી કરાવવા જરૂરી છે.

**આ જટીલ વિકલાંગતાના લક્ષણો છે...**

(૧) દર ૪ માંથી ૧ સી.પી. બાળક વાતચીત કરી શકતું નથી.

(૨) દર ૪ માંથી ૧ સી.પી. બાળક ચાલી શકતું નથી.

(૩) દર ૪ માંથી ૧/૨ સી.પી. બાળક મંદબુધ્ધિ હોય છે.

(૪) દર ૪ માંથી ૧ સી.પી. બાળક આંચકીનો ભોગ બન્યો હોય છે.

આમ સી.પી. ગ્રસ્ત બાળકોમાં બીજી પણ વિકલાંગતાઓ જોવા મળી શકે છે. જેમ કે શ્રવણમંદતા, આંખની દૃષ્ટિક્ષતિ, ખાસ કરીને ત્રાંસી આંખ, જે આંચકીને કારણે ઉદ્‌ભવે છે. અલ્પ દૃષ્ટિ, જોકે વહેલાસરના નિદાનથી ત્રાંસી આંખની સારવાર થઈ શકે છે.

## પી.એન.આર. સોસાયટી - આશાનું કિરણ :

ભાવનગર કલા, શિક્ષણ અને સંસ્કૃત્તિનું સંકુલ ગણાય છે અને સૌરાષ્ટ્રની કલાનગરીમાં બે દાયકાઓ પહેલા સી.પી.ગ્રસ્ત બાળકો માટે વિશિષ્ટ તાલીમ અને શિક્ષણનો તદ્દન અભાવ હોવાથી, તેઓને ઘરના એક ખૂણામાં રાખી મૂકવામાં આવતા અને તેમને પૂરી જિંદગી દયાજનક રીતે પસાર કરવી પડતી હતી. જે સી.પી. બાળકો શ્રીમંત કુટુંબમાં જન્મ લેતા, એવા થોડા જ લોકો સી.પી. બાળકની પ્રાથમિક તપાસ અને સારવાર માટે મુંબઈની હાજીઅલી સ્થિત ચિલ્ડ્રન ઓર્થોપેડિક હોસ્પિટલ સુધી પહોંચતા. ગુજરાતી કહેવત છે કે 'રોટલો મળે પણ ઓટલો ન મળે,' મુંબઈના સામાન્ય લોકો માટે પણ એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચવા માટે મુશ્કેલી, હાડમારી અને આર્થિક સંકડામણ હોય છે. ત્યારે સી.પી. બાળકોને રોજેરોજ પરાઓમાંથી ટ્રેઈન-બસમાં હાજીઅલી હોસ્પિટલ લઈ જવામાં પારાવાર મુશ્કેલી સર્જાતી. સી.પી. બાળકોની આવી દયાજનક હાલત જોઈને પી.એન.આર. સોસાયટીના સ્થાપક, જેઓ હુલામણા નામે બાબાભાઈ (અનંતરાય કે. શાહ) થી ઓળખાય છે. તેઓએ આ પડકાર જીલવાનું બીડું ઝડપ્યું અને જ્યારે ગુજરાતમાં આ બાબતનો શૂન્યવકાશ હતો ત્યારે તેનો તાર્કિક ઉકેલ લાવ્યા. તેમના અથાક પ્રયાસો પછી પણ જયારે ભાવનગર અને ગુજરાતમાંથી સી.પી. બાળકોની તાલીમ માટેના વિશિષ્ટ શિક્ષણનો અભ્યાસ કે જે મદ્રાસની સ્પાસ્ટિક સોસાયટી ઓફ તામિલનાડુ દ્વારા ચલાવાય છે, ત્યાં જવા કોઈ તૈયાર ન થયું, ત્યારે જરા પણ નિરાશ થાયા વગર તેમણે આ બાબતે પોતાની પુત્રી જિજ્ઞાને આ કોર્સમાં તાલીમ લેવા જવા રાજી કરી. તેના પરિણામે ૧૯૯૪ થી ભાવનગરમાં (સી.પી.) સેરેબ્રલ પાલ્સી બાળકો માટેની અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ થઈ. ભાવનગરમાં ૨૦૧૦ માં ગુજરાત સરકારના સમાજ સુરક્ષા ખાતાની માન્યતાથી સી.પી.બાળકો માટેની પ્રથમ એવી **મોડેલ નિવાસી શાળા** પી.એન.આર. સોસાયટી દ્વારા સ્થપાય છે. જે ટૂંકમાં **નટરાજ સી.પી. સ્કૂલ**ના નામથી પ્રચલિત છે.

## હલનચલનની વિકલાંગતાઓમાં સી.પી.ને બીજી સૌથી જટીલ વિકલાંગતા તરીકે ઓળખવામાં આવે છે.

## નટરાજ સી.પી. સ્કૂલની અત્યાર સુધીમાં વિશિષ્ટ સિધ્ધિઓ :

૧) ૧૦,૦૦૦ લાભાર્થીઓની તપાસ અને સારવાર.

૨) ૧૨૪ થી વધુ સી.પી.ના વિશિષ્ટ શિક્ષકો માટે તાલીમ અને રોજગાર.

૩) ૨૪૦ તાલીમાર્થી કેરગીવર્સને તાલીમ.

૪) જિલ્લા અને રાજ્ય સ્તરે યોજાતા રમત-ગમત, સાંસ્કૃત્તિક, કલાની પ્રવૃત્તિઓમાં સી.પી. બાળકોની વિશેષ સિધ્ધિઓ.

૫) સી.પી.ના વિશિષ્ટ શિક્ષકો અને વાલીઓ માટે વધુ સઘન તાલીમ અને માર્ગદર્શન અર્થે સેમિનાર, વર્કશોપ, સી.આર.ઈ. અને કોન્ફરન્સનું સમયાંતરે આયોજન.

૬) કાર્યશાળા દ્વારા, સી.પી. વિદ્યાર્થીઓને પગભર બનાવવા માટે વ્યવસાયલક્ષી તાલીમ.

# નટરાજ સી. પી. સ્કૂલ
# સ્વલિનતાને પરાસ્ત કરતા માતા-પુત્ર

જેમ અડગ મનના મુસાફિરને હિમાલય પણ નડતો નથી, તેમ આત્મવિશ્વાસથી ભરપૂર અને પુરુષાર્થી મહિલા શ્રી માધવીબેન વાળાએ પણ પોતાના પરિવાર સાથે મળી પુત્ર સિધ્ધાર્થને સ્વલીનતાની દુનિયામાંથી વાસ્તવિક દુનિયાનો પરિચય કરાવવા કમર કસી.

તેમણે પ્રથમ સી.પી.સ્કૂલમાં કસરત, દૈનિક કાર્યોની તાલીમથી શરૂઆત કરી, ટૂંક સમયમાં સિધ્ધાર્થની સ્થિતિમાં સુધારો જણાતા આચાર્યશ્રીના માર્ગદર્શનથી પ્રેરિત થઈ, પી.એન.આર. સોસાયટી સંચાલિત **ડિપ્લોમાં સ્પેશ્યલ એજ્યુકેશન** સી.પી. કોર્સ ૨૦૧૭-'૧૮ માં સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. આર.સી.આઈ. દ્વારા ઓટિઝમ બાળકો માટેના શિક્ષકો માટે વિશેષ અભ્યાસક્રમ ચલાવાય છે, પરંતુ કમનસીબે ગુજરાતમાં તેની એક પણ કોલેજ નથી. આથી માધવીબેને વાળા એ ડી.એસ.ઈ. સી.પી. ના અભ્યાસક્રમમાં ઓટિઝમ વિષે મેળવેલ પ્રાથમિક જ્ઞાનનો ઉપયોગ સિધ્ધાર્થની ઘરે સંભાળ લેવામાં ઉપયોગી બનાવ્યો. ૨૦૧૮ માં સંસ્થા દ્વારા ખાસ કે.એન. શાહ અર્લિ ઈન્ટરવેન્શન એન્ડ ઓટિઝમ સ્કૂલ શરૂ થતા, સિધ્ધાર્થનો શરૂઆતથી જ પ્રવેશ લીધો. પોતાના લાડકા પુત્ર સિધ્ધાર્થને પેઈન્ટિંગ, આવાઝ એપની મદદથી વાતચીતની તાલીમ, સામાન્ય શાળામાં સંમલિત શિક્ષણ માટે પૂર્વ તૈયારી, દૈનિક કાર્યોથી, સ્વતંત્ર બનાવ્યો. તેઓમાં ઓટિઝમ બાળકો સાથે કાર્ય કરવાની કુનેહવૃત્તિ હોઈ, છેલ્લાં ૩ વર્ષથી તેઓ કે.એન. શાહ ઓટિઝમ સ્કૂલમાં મદદનીશ શિક્ષક તરીકે કાર્યરત છે. પોતાના વર્ગના ૧૦ ઓટિઝમ બાળકોને સ્માર્ટ બોર્ડમાં વિશિષ્ટ શિક્ષણ, નિષ્ણાંત ડોકટર્સના માર્ગદર્શન હેઠળ સેંસરી થેરાપી, એ.ડી.એલ. ટ્રેનિંગ તથા પૂર્વ વ્યાવસાયિક કૌશલ્ય વગેરેની તાલીમ થકી, આ બાળકોમાં ૬૦-૭૦% સુધારો લાવવામાં સફળ રહ્યા છે. તેઓ માતા અને શિક્ષકની બેવડી ભૂમિકા સફળતાથી નિભાવી રહ્યા છે. શ્રી માધવીબેનને ખૂબ ખૂબ અભિનંદન.

**'બેન તમે જેમ કહેશો તેમ, અને જ્યાં સુધી કહેશો ત્યાં સુધી હું સિધ્ધાર્થને સારવાર માટે નિયમિત લાવીશ.'**



## બધિર સપ્તાહની ઉજવણી : 'શુભમ' શ્રવણમંદોની પ્રેરણાનો માઈલસ્ટોન

" હું શુભમ જોશી, હું જન્મથી શ્રવણમંદ છું. મારા માતા-પિતા શ્રવણમંદ છે, તેથી આ ક્ષતિ મને વારસામાં મળી. હાલ હું મોરથલ ગામમાં (બનાસકાંઠા જિલ્લો) પોસ્ટ ઓફિસમાં સરકારી નોકરી કરું છું. ૨૦૧૨ ની સાલમાં ધો-૪ થી ભાવનગરની શ્રી શાહ ખી.લ. બહેરા-મૂંગા શાળામાં અભ્યાસ માટે જોડાયો. શાળાના અદ્વિતિય વાતાવરણમાં ઘણો વિકાસ થયો. અહિંના વાતાવરણમાં મારી ભણવાની અને સહ અભ્યાસક પ્રવૃત્તિઓ જેવી કે, રાસ-ગરબા, રમત ગમત, કૃષ્ણલીલા અભિનય વિગેરેથી ઉત્સુકતા વધી. આમ કરતા મેં ધો-૧૦ ની બોર્ડની પરીક્ષા આપી. શ્રવણમંદતાને કારણે ભાષાકીય મુશ્કેલીઓને પાર કરી, મારી સમજ અને બુદ્ધિ શકિતથી હું એસ.એસ.સી. માં દ્વિતિય ક્રમે પાસ થયો. આ સમયે મારા શ્રવણમંદ મા-બાપ કે જેણે જીવનમાં ખૂબ સઘર્ષ વેઠીને મને મોટો કર્યો હતો, તેની છાતી ગજ-ગજ ફૂલી ગઈ. ત્યારબાદ હું ધો-૧૧ માં દાખલ થયો દરમિયાન સરકારી નોકરીઓમાં શ્રવણમંદ વ્યકિતઓ માટેની ૧ ટકા જગ્યા અનામત હોય છે, તેમાં પોસ્ટ ઓફિસમાં નોકરી માટે મેં અરજી કરી. સદનસીબે મને નોકરી મળી ગઈ. હું નોકરીમાં હાજર થયો, ત્યારે મારા અધિકારીને મારામાં વિશ્વાસ ન હતો. તેઓને હું શ્રવણમંદ હોવાથી ઓફિસનું કાર્ય કરી શકીશ નહિં તેમ લાગતું હતું. પરંતુ મેં મારી આવડત અને ખંતથી તેમને વિશ્વાસ અપાવ્યો કે મારી શ્રવણખામી; મારી મહેનત, ખંત, નિષ્ઠામાં નડતરરૂપ નહિં બને. ખૂબ અંતરિયાળ ગામમાં પરિવારથી દૂર ઘણી બધી મુશ્કેલીઓ વેઠીને, તેમાંથી રસ્તો કાઢીને અત્યારે મારી નોકરીમાં સેટ થઈ ગયો છું. મારી આ કારકિર્દી માટે શ્રી ખી.લ.બહેરા મૂંગા શાળા-પરિવાર અને મારા શ્રવણમંદ માતા-પિતાનો ખૂબ આભારી છું. જેમણે મને શિક્ષણની સાથે જીવનના પાઠ ભણાવ્યાં. 'વિશ્વ બધિર સપ્તાહની ઉજવણીના સંદર્ભે હું બધાજ શ્રવણમંદોને અનુરોધ કરું છું કે,' કોઈ પણ નવું કામ, લોકો અને સ્થળ શરુઆતમાં મુશ્કેલ લાગે પણ તે સમયે થોડું સહન કરો, જતું કરો અને નિષ્ઠાપૂર્વક મહેનત કરો તો જીવનની રાહ આસાન થઈ જશે. મારી આ વાત સાથે આપ સંમત હશો, તેવી આશા સાથે."



ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ તથા શ્રી પ્રતાપભાઈ શામજીભાઈ પારેખ પોલિક્લિનિક



મનસુખ સોરઠિયા

## ફાયર સેફ્ટી માર્ગદર્શન તાલીમ વર્ગ



ફાયર સેફ્ટી માર્ગદર્શન તાલીમ વર્ગનું તા.૧૮-૫ ના રોજ આયોજન કરવામાં આવેલ હતું. આ તાલીમ વર્ગ દ્વારા દરેક કર્મચારીઓને ૧) પેનલ ૨) ફાયર કટિંગ ઈકવીપમેન્ટ ૩) હોજરીલ ૪) સ્મોક ડિટેકટર વિગેરે અંગેની સંપૂર્ણ માહિતીથી વાકેફ કરવામાં આવેલ. આ તાલીમ વર્ગમાં શ્રી કેતનભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહીને ફાયર સેફ્ટીનું મહત્વ તથા તેનો કયાં સંજોગોમાં ઉપયોગ કરવો, તે અંગે માર્ગદર્શન આપેલ.

**આ સંસ્થાના ઉપક્રમે તા.૨૫-૦૫ ના રોજ નીચે મુજબના રાહત દરના કેમ્પ યોજવામાં આવેલ હતાં. જેનો વિગતવાર અહેવાલ નીચે મુજબ છે :-**

૧) **આંખના મોતિયા તથા અન્ય રોગ** :- આ કેમ્પ આંખના નિષ્ણાંત ડો.કૃણાલ નિર્મળ (એમ.એસ.ઓપ્થો.)ના નેતૃત્વ નીચે કરવામાં આવેલ. તેઓ આ સંસ્થામાં બે વર્ષ કરતાં વધારે સમયથી પોતાની નિષ્ઠાપૂર્વક સેવા બજાવે છે. તેમજ પોતાના જ્ઞાનની કસોટીના રૂપમાં આવેલ કોઈપણ જટીલમાં જટીલ આંખની સર્જરી પણ પુરા ધૈર્ય સાથે કરવા માટે તેઓ એક ઉમદા ઉદાહરણરૂપ છે. આથીજ આંખના મોતિયા તથા અન્ય રોગ અંગે પૂરતી માહિતી સામાન્ય વ્યક્તિને મળી રહે એ આશયથી આ પ્રકારના કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૨૫ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

૨) **કાન, નાક, ગળાના રોગનો કેમ્પ** :- આ કેમ્પ કાન, નાક, ગળાના નિષ્ણાંત ડો.શીખાબેન સચદેવ (એમ.બી.બી.એસ. (ડી.એલ.ઓ.) (ગોલ્ડ મેડાલિસ્ટ)ના કે જેઓએ કોવિડ મહામારીના સમયગાળામાં પણ પોતાની ફરજ પ્રત્યે સજાગતા દાખવી શહેરની સર તખ્તસિંહજી હોસ્પિટલમાં સેવા આપી છે. તેઓશ્રી આ સંસ્થામાં જ્યારથી જોડાયા છે, ત્યારથી જ પૂરા ઉત્સાહ સાથે કામ કરવામાં આગવું સ્થાન ધરાવે છે. કોરોનાની છેલ્લી લહેરના સમયે તેઓએ **કોરોના સેન્ટર** સંસ્થા દ્વારા ચલાવવા અંગે પોતાની ઈચ્છા વ્યક્ત કરેલ. સંસ્થા દ્વારા પથિકાશ્રમ સામે કોરોના સેન્ટર, શશી ઈન્ડસ્ટ્રિઝના મકાનમાં જે શરૂ કરવામાં આવેલ. તેનું તેઓશ્રીએ સફળ સંચાલન કરેલ. જેમાં ૪૩ લાભાર્થીઓએ લાભ લીધેલ હતો.

૩) **દાંત વિભાગ માટેનો કેમ્પ** :- આ કેમ્પ દાંત વિભાગના નિષ્ણાંત ડો.વંદનાબેન દેવમુરારી (બી.ડી.એસ.) કે જેઓ આ સંસ્થામાં થોડાજ સમયથી જોડાયેલ હોવા છતાં પણ પોતાની ફરજ પ્રત્યે પુરી નિષ્ઠા દાખવીને પોતાની કામગીરી કરી રહયા છે. તેઓએ અગાઉ પી.એન.આર.સોસાયટીમાં પણ દાંત વિભાગમાં ફરજ બજાવેલ છે. તેઓશ્રી મિલનસાર સ્વભાવ ધરાવે છે. આથી તેઓશ્રીના નેતૃત્વ નીચે આ કેમ્પ આયોજીત કરવામાં આવેલ, જેમાં ૧૦ લાભાર્થીઓએ લાભ લીધેલ.

૪) **ફિઝીયોથેરાપી વિભાગનો કેમ્પ** :- આ કેમ્પ ફિઝીયોથેરાપી વિભાગના નિષ્ણાંત ડો.ધ્રુવીકાબેન ભટ્ટી (બી.પી.ટી.) ના નેતૃત્વ નીચે આયોજીત કરાયેલ. તેઓશ્રી મિલનસાર સ્વભાવના અને પોતાની ફરજ પ્રત્યે સજાગ છે. જેમાં ૫ લાભાર્થીઓએ લાભ લીધેલ.

૫) **થાઈરોડનો કેમ્પ** :- તા.૨૪-૦૫ ના રોજ આ આયોજન કરવામાં આવેલ. જેમાં પણ ૧૧ લાભાર્થીઓએ લાભ લીધેલ હતો. આ સંસ્થાનો મુખ્ય હેતુ એ છે કે સામાન્ય વ્યક્તિને કેમ્પના આયોજન દ્વારા જરૂરી માહિતી આપી, સમયસર સારવાર મળી રહે અને અમૂલ્ય માનવ જીવન બચાવી શકાય, એજ ધ્યેયથી કેમ્પ આયોજીત કરવામાં આવે છે.

- **ડો.સુનીલ જે. મહેતા** (પી.એચ.ડી.), એડમિનિસ્ટ્રેટર



# પી. એન. આર. હૉસ્પિટલ



✍ મહાસુખભાઈ જકડિયા

**એપ્રિલ -`૨૨ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૩૦૧ | ૨૨ | એક્ષ-રે | ૧૩૯ | - |
| આંખ | ૧૧૮૦ | ૩૩૪ | લેબોરેટરી | ૫૨૭ | ૧૬૮૮ (ટેસ્ટ) |
| આંખની છારી | ૨૮ | - | રૂબેલા રસીકરણ | ૧૨ | - |
| ઈ.એન.ટી. | | | ચામડી | ૫૬ | ૦૩ |
| (કાન-નાક-ગળા) | ૮૦૪ | ૧૬ | પેડિયાટ્રિક ડેન્ટલ | ૦૧ | ૦૧ |
| માઈનર પ્રોસિઝર | ૪૨૧ | - | પ્લાસ્ટિક સર્જરી | ૭૭ | ૧૧ |
| ઓર્થોસ્કોપી | ૬૨ | ૦૧ | ત્રાંસી આંખ | ૦૦ | ૦૦ |
| ઓર્થોડેન્ટલ | ૨૫૭ | ૨૯૬ (ટ્રિટમેન્ટ) | હેર ઈમ્પ્લાન્ટ | ૨૩ | ૦૫ |
| જનરલ ઓપીડી | ૭૮૬ | - | આંખના પડદાની તપાસ | ૧૪ | - |

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૮૮** લાભાર્થીઓએ **રૂા. ૧૦,૪૫૦/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૨૪** દર્દીઓએ **રૂા. ૩,૪૬૦/-** ની સહાય મેળવેલ છે.

## શ્રીમતી જયાલક્ષ્મી વૃજલાલ મહેતા અને વૃજલાલ ઓઘવજી મહેતા (અમરેલીવાળા) આંખ વિભાગમાં એક વર્ષમાં ૮૫૨૪ દર્દીઓની તપાસ તથા ૨૭૦૦ દર્દીઓના ઓપરેશન કરવામા આવેલ

આંખ વિભાગમાં શ્રીમતી જયાલક્ષ્મી વૃજલાલ મહેતા અને વૃજલાલ ઓધવજી મહેતા (અમરેલીવાળા) તરફથી દાન મળતા વિસ્તૃતીકરણ થતા છેલ્લા ૨૦ વર્ષથી તેઓનાં નામથી આંખ વિભાગ ચાલું છે. અને જરૂરિયાતમંદ દર્દીની સારવાર માટેનું ડોનેશન મળી રહયું છે. જિલ્લા અંધત્વ નિયંત્રણ પ્રોગ્રામ અને દાતાશ્રીઓનાં સહયોગથી વિનામૂલ્યે આંખના મોતીબિંદુનાં ફ્રી ઓપરેશન તથા દર્દીને રાહતદરે સુપર લેન્સ નાખી ઓપરેશન કરવામાં આવે છે. જેમાં નીચેના તજજ્ઞ ડોકટરશ્રીઓ સેવા આપી રહયા છે.





**ડૉ. રાજેન્દ્રસિંહજી વાઘેલા** (M.S. Ophthalmic) : જેઓ ભાવનગરનાં સિનીયર નામાંકિત ડૉક્ટર છે, અને આપણી હોસ્પિટલમાં ૨૦ વર્ષથી સેવા આપી રહયા છે. દર્દીઓમાં તેમની ખૂબ ચાહના છે. ઓપરેશનની ડેઈટ લાંબી આપી હોય છતા દર્દીઓ તેમની પાસેજ ઓપરેશન કરાવતા હોય છે. તમામ પ્રકારની આંખની તપાસ તથા ઓપરેશન દર શિનવારે સવારે ૯ થી ૧૧ વાગે.

**ડૉ. પાયલબેન અરોરા** (M.S. Ophthalmic) : જેઓ સંસ્થામાં પાંચ વર્ષથી સેવામાં છે. નિષ્ણાંત અને સૌમ્ય સ્વભાવના, દર્દીઓમાં લોકપ્રિયતા ધરાવે છે. તમામ પ્રકારની આંખની તપાસ તથા ઓપરેશન સોમથી શુક્ર સવારના ૯ થી ૧૧ વાગે.

**ડૉ. હર્ષાબેન મહેશ્વરી** (M.S. Ophthalmic) : હાલમાં જ જોડાયા છે. દર્દી તેમનાં કામથી સંતુષ્ટતા અનુભવે છે.



તમામ પ્રકારની આંખની તપાસ તથા ઓપરેશન મંગળ-ગુરૂ-શનિ બપોરના ૩ થી ૫ વાગે.

આંખની વિશિષ્ટ સારવાર માટે આંખનાં પડદાનાં સુપર સ્પેશ્યાલિસ્ટ ડૉકટરશ્રીઓ આપણી હોસ્પિટલમાં સેવા આપી રહયા છે, જેઓના નામ નીચે મુજબ છે.



**ડૉ. સુજ્ઞેશ પરમાર** (M.S. FTVPEI) (પડદાના ડૉક્ટર) : ભાવનગરમાં સૌ પ્રથમ ક્લિનીક ધરાવતા સિનીયર નામાંકિત ડૉક્ટરની સેવા આપણને મળેલ છે. દર શનિવારે બપોરે ૪ થી ૫ વાગે.



**ડૉ. આશિષ ખોડીફાડ** (DD, DNB, FVRS) (પડદાનાં ડૉક્ટર) : ભાવનગરમાં સારી પ્રેક્ટિસ ધરાવતા ડૉક્ટરની સેવા ઉપલબ્ધ છે. દર મંગળવારે બપોરે ૪ થી ૫ વાગે..

**નોંધ :-** માહે એપ્રિલ ૨૦૨૧ થી માર્ચ ૨૦૨૨ સુધીમાં આંખમાં કુલ **૮૫૨૪** પેશન્ટની તપાસ તથા **૨૭૦૦** ઓપરેશન કરવામાં આવેલ છે. જેમાં **૧૮૯૬** ફ્રી ઓપરેશન તથા **૮૦૪** રાહતદરે ઓપરેશન કરવામાં આવેલ છે. ૧૧૨ દર્દીનાં ઓપરેશન પછી આંખની છારી કાઢવામાં આવેલ છે.



# મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા



✍ જીજ્ઞા સોલંકી

## નટરાજ સી.પી.સ્કૂલના બે વિદ્યાર્થીઓની નેશનલ એથ્લેટિક ટુર્નામેન્ટમાં સિધ્ધિ

પી.એન.આર.સોસાયટી સંચાલિત સેરેબ્રલ પાલ્સી (સી.પી.) બાળકોની વિશિષ્ટ શાળાના કુલ ૫ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ આ વર્ષે તા.૪ થી ૮ મે ૨૦૨૨ દરમ્યાન નેશનલ એથ્લેટિક ટુર્નામેન્ટમાં દિલ્હી ખાતે ભાગ લીધો હતો. તે પૈકી બે એ બ્રોન્ઝ મેડલ જીતી સિધ્ધિ મેળવી હતી. દિલ્હી ખાતે સી.પી.એસ.એફ.આઈ. એટલે સેરેબ્રલ પાલ્સી સ્પોર્ટસ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજીત **નેશનલ એથ્લેટિક ટુર્નામેન્ટમાં** ગુજરાતનાં ૨૦ બાળકોમાં નટરાજ સી.પી. સ્કૂલના પાંચ વિદ્યાર્થીઓની પણ પસંદગી થઈ હતી. આચાર્યશ્રી જિજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ વિશિષ્ટ શિક્ષક શ્રી કાર્તિકભાઈ એમ. વ્યાસ અને શ્રી વરુણભાઈ એમ. વ્યાસના કોચિંગમાં આ ટીમ પ્રથમવાર ભાગ લીધો. આ પૈકી વૈભવ મકવાણાએ ૨૦૦ મીટર દોડમાં અને દર્શન વિરજાએ લોંગ જંપમાં બ્રોન્ઝ મેડલ મેળવી રાષ્ટ્રીય કક્ષાએ સિધ્ધિ મેળવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ભાવનગર જિલ્લા સ્પેશ્યલ ખેલમહાકુંભમાં પણ સી.પી. સ્કૂલના ૧૬ વિદ્યાર્થીઓએ ૨૧ મેડલ મેળવ્યા છે તથા સી.પી.સ્પેશ્યલ ખેલમહાકુંભ સ્ટેટ લેવલમાં વિવિધ રમતોમાં ૧૯ મેડલ હાંસલ કર્યા છે. તેમની વિશેષ સિધ્ધિ માટે પી.એન.આર. ટ્રસ્ટી મંડળ, આચાર્ય દ્વારા વિદ્યાર્થી ટીમ તથા કોચને અભિનંદન પાઠવ્યા હતા.

| વિગત | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ |
|---|---|---|---|
| નેશનલ એથ્લેટીક ચેમ્પિયનશીપ | ૦૦ | ૦૦ | ૦૨ |
| સી.પી.સ્પેશ્યલ ખેલમહાકુંભ સ્ટેટ લેવલ | ૦૪ | ૦૯ | ૦૬ |
| સી.પી.,એમ.આર. સ્પેશ્યલ ખેલમહાકુંભ ડિસ્ટ્રિક લેવલ | ૦૯ | ૦૬ | ૦૬ |




## વાલી તાલીમ પ્રોગ્રામ

પી.એન.આર. સોસાયટીના વિવિધ પ્રોજેક્ટ તથા સીપી અને ઓટીઝમ સ્કૂલના વિદ્યાર્થીઓને વેકેશન દરમિયાન ઘરે સારવાર અને શિક્ષણને લગતી વિવિધ સારવાર પધ્ધતિઓનું જ્ઞાન મળી શકે તે હેતુથી તા.૫/૬/'૨૨ થી તા.૧૫/૬/'૨૨ સુધી નિયમિત રીતે ૨ કલાકના ઓનલાઈન સેશનમાં ૧૦ નેશનલ લેવલન તજજ્ઞો દ્વારા સીપી, મંદબુધ્ધિ, ઓટિઝમ, સ્લો-લર્નર, લર્નિંગ ડિસેબિલિટીના વિદ્યાર્થીઓના વાલીઓને PPT Presentation, Video, Live Demostration અને પ્રશ્નોતરીના માધ્યમથી અત્યારની લેટેસ્ટ માહિતી મુજબનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ સંસ્થાના ઈન-સર્વિસ સ્ટાફને પણ આ ટ્રેનિંગ દરમ્યાન વિશેષ માર્ગદર્શન અપવામાં આવ્યું હતું. તેનું આયોજન અને સંકલન સીપી સ્કૂલના આચાર્ય દ્વારા કરવામાં આવેલ.




# 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



✍ ધીરુભાઈ ધંધુકિયા

## સપ્તરંગી સમર કેમ્પ :

હાઈટેક ઈન્કલુઝિવ પ્રાયમરી સ્કૂલમાં **સપ્તરંગી સમર કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ. આ સપ્તરંગી સમર કેમ્પ તા.૨/૫ થી ૧૧/૫ સુધી આયોજન કરેલ. જેમાં ધો.૧ થી ૮ ના બાળકોનો સમાવેશ કરવામાં આવેલ. આ સપ્તરંગી સમર કેમ્પમાં વિવિધ પ્રવૃત્તિઓ રમત, સંગીત, યોગ, કરાટે, ચિત્ર સ્પર્ધા, બાળસભા, પિકનિક, વનમિનિટ ગેમનો સમાવેશ કરવામાં આવેલ. આ સમર કેમ્પમાં બાળકોએ આનંદ અને ઉત્સાહથી ભાગ લીધો. તેમજ તેમની જિજ્ઞાસા વૃતિને સંતોષવા માટે આનંદ અને મનોરંજન માટે, વન મિનિટ ગેમમાં ફૂગ્ગા ફોડ, રીંગણ પકડ, ચાંદલા ચીટક, રૂમાલ દાવ, લોટ ફૂક, ચોકલેટ પકડ, સંગીત ગાયન વાદન, જેવી ગેમનું આયોજન કરેલ. સાથોસાથ રમતમાં ભાગ લેનાર બાળકોને ૧ થી ૩ નંબર અને ઈનામ આપીને પ્રોત્સાહિત કરેલ. સમર કેમ્પના અંતિમ દિવસે બાળકોને ફૂલઝરિયા હનુમાન મંદિરે લઈ જવામાં આવ્યા હતા ત્યાં બાળકોએ રમતો રમીને ખૂબ મજા કરી. આ સમર કેમ્પનું આયોજન સ્કૂલના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયાની આગેવાની નીચે કરવામાં આવેલ.

## અનાજ કીટ વિતરણ કાર્યક્રમ :

પ્રાયમરી સ્કૂલમાં ઈમ્પેકટ ફાઉન્ડેશન (યુ.કે.) ના સહયોગથી જીવન જરૂરિયાત અનાજ કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, મંત્રીશ્રીઓ તેમજ ચેરમેનશ્રીઓ અને સંસ્થાનાં સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ તેમજ બંને સંસ્થાના આચાર્યશ્રીઓએ જરૂરિયાતમંદ વિદ્યાર્થીનાં વાલીશ્રીઓને અનાજ કિટનું વિતરણ કરેલ.

## કારકિર્દી અંતર્ગત માર્ગદર્શન :

હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના ધો.૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ કારકિર્દી માર્ગદર્શનના કાર્યક્રમમાં ભાગ લીધેલ. તેમજ આ કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમમાં ભાવનગર મહાનગરપાલિકા અને તાલુકાના શાળા સંચાલકશ્રી, આચાર્યશ્રી, શિક્ષકશ્રી તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ આજના આ સ્પર્ધાત્મક યુગમાં આપણી ભાવી પેઢીને ઉચ્ચ શિક્ષણની અનેકવિધ શાખાઓમાંથી તેમના રસ, અભિરુચિ, મુજબમાં અને તેમના ભવિષ્યમાં વ્યવસાય પસંદ કરવામાં ઉપયોગી થાય, તેમજ અભ્યાસની યોગ્ય માહિતી પ્રાપ્ત થાય તેવા આશયથી આ સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માનનીયશ્રી જીતુભાઈ વાઘાણી, માનનીય કેબિનેટ મંત્રીશ્રી, મુખ્યવક્તા શ્રી શૈલેષભાઈ સગપરિયા, તેમજ ભાવનગરના માનનીય મેયરશ્રી, માનનીય સાંસદશ્રી, માનનીય ધારાસભ્યશ્રી, માનનીય જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જેવા સન્માનીય મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓના કારકિર્દીના માર્ગદર્શનને કેન્દ્રમાં રાખી કાર્યક્રમ યોજવામાં આવેલ.

# ટ્રસ્ટી મંડળની મીટિંગ

પી.એન.આર.સોસાયટીના ભાવનગર અને મુંબઈ સ્થિત ટ્રસ્ટીઓની **ટ્રસ્ટી મંડળની મીટિંગ** તા.૦૮/૦૫/૨૨ ને રવિવારે ભાવનગર મુકામે યોજાયેલ હતી. આ મીટિંગમાં સંસ્થાની પ્રવૃત્તિને સોશીયલ મીડિયામાં વધારે કેમ એકટીવ કરી મૂકી શકાય, તેમજ સંસ્થાનું કોર્પસ ફંડ વધારવા માટે ચર્ચા કરવામાં આવી હતી.

દાતા પરિવારના સભ્યશ્રી હરેનભાઈ સંઘવીને સંસ્થાના ટ્રસ્ટી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

કોરોના પેન્ડેમિક દરમ્યાન સંસ્થા દ્વારા અપાયેલ સહાયની વિસ્તૃત માહિતી સેક્રેટરી જનરલ પારસભાઈએ આપી હતી અને સંસ્થાની આર્થિક પાસા વિશે ટ્રેઝરરશ્રી હર્ષકાંતભાઈ રાખશિયાએ માહિતી આપી હતી.



અંતમાં સંસ્થાની પ્રવૃત્તિઓથી દરેક ટ્રસ્ટીઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો. પ્રમુખશ્રીનો આભાર વ્યક્ત કરી, મીટિંગ પૂર્ણ કરવામાં આવી હતી.



# એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ

✍ કૌશિક પરમાર




## પાલીતાણા અને મહુવા તાલુકાના વિકલાંગોને વિનામૂલ્યે ઓનલાઈન કોમ્પ્યુટર ટ્રેઈનિંગ

અમેરિકામાં વસતા પી.એન.આર.સોસાયટીના શુભચિંતક શ્રી પ્રફુલભાઈ શાહના પ્રયત્નોથી અમેરિકા સ્થિત અને ભાવનગરના ઉદારદિલ દાતાઓના આર્થિક સહયોગથી ઓનલાઈન તાલીમ માટે ૭૯ લેપટોપ વસાવવામાં આવ્યા છે.

વિકલાંગ ભાઈ-બહેનો પોતાના ઘરે બેઠા જ તાલીમ મેળવી શકે તે માટે સંસ્થા તરફથી તાલીમાર્થીઓને તાલીમ મેળવે ત્યાં સુધી લેપટોપ અને રીચાર્જ કરેલ ડોંગલ ઉપરાંત સ્કેનર, ઈયરફોન, સી.ડી. પુસ્તકો આપવામાં આવે છે. આ ઓનલાઈન કોમ્પ્યુટર ટ્રેનિંગ પ્રોજેકટ અંતર્ગત તા. ૧૩-૪ ના રોજ પાલીતાણા તાલુકાના ૧૧ અને મહુવા તાલુકાના ૯ વિકલાંગોને ડી.ટી.પી. કોર્સમાં એડમિશન આપી, તેમને વિનામૂલ્યે તાલીમ મેળવવા લેપટોપ અને ડોંગલ અર્પણ કરવામાં આવ્યા. આ કાર્યક્રમ પ્રસંગે પી.એન.આર. સોસાયટીના ફાઉન્ડર ટ્રસ્ટીશ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, ખજાનચી શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, માનદમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રસ્ટીશ્રી પ્રદીપભાઈ ભટ્ટ ઉપસ્થિત રહેલ. આ મહાનુભાવોના વરદ હસ્તે લાભાર્થીઓને લેપટોપ અને ડોંગલ વિગેરે અર્પણ કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે શ્રી પારસભાઈ અને શ્રી કિરીટભાઈ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવેલ અને લાભાર્થીઓને કોમ્પ્યુટર તાલીમના ફાયદાઓ સમજાવી, તેમને તાલીમ પૂર્ણ કરી સ્વનિર્ભર બનવા માટેની શુભેચ્છાઓ પાઠવી હતી.

## વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન વિનામૂલ્યે ઓફલાઈન કોમ્પ્યુટર તાલીમનો થયો પુનઃ પ્રારંભ




પી.એન.આર. સોસાયટી સંચાલિત એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ દ્વારા વિકલાંગોને વિનામૂલ્યે કોમ્પ્યુટર તાલીમછેલ્લા ૨૧ વર્ષથી આપવામાં આવી રહી છે. છેલ્લા બે વર્ષ દરમ્યાન કોરોના મહામારી હોવા છતાં આ તાલીમ ઓનલાઈન પધ્ધતીથી આપવાનું ચાલુ રાખેલ. હવે કોરોના મહામારી હળવી થતાં વર્ષ ૨૦૨૨-'૨૩ દરમ્યાન ઓફલાઈન તાલીમ આપવાની પ્રવૃતિ પુનઃ શરુ થઈ ગઈ છે.ઓફલાઈન તાલીમમાં એડમિશન મેળવનાર વિકલાંગ બહેનોને તાલીમના સમય દરમ્યાન રહેવા તથા જમવાની અને વિકલાંગ ભાઈઓને જમવાની સુવિધા વિનામૂલ્યે આપવામાં આવશે. બહેનો માટે હોસ્ટેલથી તાલીમ કેન્દ્ર સુધી આવવા-જવાની સુવિધા પણ વિનામૂલ્યે આપવામાં આવશે. એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટમાં કોમ્પ્યુટરના બેઝિક, ડી.ટી.પી., ડેટા એન્ટ્રી ઓપરેટર, ફોટોશોપ, હાર્ડવેર એન્ડ નેટવર્કિંગ, પ્રિન્ટર રીપેરિંગ, એકાઉન્ટિંગ, મોબાઈલ રીપેરિંગ વિગેરે કોર્સ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. એડમિશન લેનાર તાલીમાર્થીને પ્રારંભિક તબકકામાં બેઝિક (કોમ્પ્યુટર ફન્ડામેન્ટલ) કોર્સમાં એડમિશન આપવામાં આવે છે. બેઝિક કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ લાભાર્થીની આવડત, રસ-રુચી, ક્ષમતા અનુસાર અન્ય કોર્સ શરુ કરવામાં આવે ત્યારે તેમને અન્ય કોર્સમાં એડમિશન આપવામાં આવે છે.

સરકારી નોકરી મેળવવા માટે જરુરી એવી કોમ્પિટીટીવ એકઝામની તૈયારી માટેના પુસ્તકો પણ આ વિભાગની લાઈબ્રેરીમાં ઉપલબ્ધ છે. કોમ્પ્યુટર કોર્સમાં જોડાનાર લાભાર્થી લાઈબ્રેરીમાં રાખવામાં આવેલ પુસ્તકાનો વાંચવા માટે ઉપયોગ વિનામૂલ્યે કરી શકે છે. તાલીમમા જોડાવા ઈચ્છુક વિકલાંગ ભાઈ-બહેનોએ તાલીમ બાબતની માહિતી મેળવવા મોબાઈલ નંબર 7016274427 ઉપર સંપર્ક કરવો.



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...



✍ અમિત મિત્રા

◈ તા.૭/૪ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલનો વાર્ષિક ઉત્સવ 'ફાગુનોત્સવ' નું આયોજન ખુબ જ હર્ષ-ઉલ્લાસપૂર્વક તથા ધામધુમથી કરવામાં આવ્યું હતું. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેકટના બાળકો, વાલીઓ તથા સ્ટાફ દ્વારા સાંસ્કૃત્તિક કૃતિમાં ભાગ લેવામાં આવેલ.

◈ તા.૨૫-૨૬/૪ ના રોજ એમ.આર.બાળકો માટેના જિલ્લા કક્ષાના બે દિવસીય ખેલ મહાકુંભનું આયોજન સ્પોર્ટસ કલબ, સીદસર રોડ, ભાવનગર ખાતે કરવામાં આવેલ. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેકટના ૧૦ બાળકોએ ભાગ લીધેલ. જેમાંથી **કવાડ રાહુલ ૨૦૦ મીટર દોડમાં પ્રથમ, કંટારીયા કમલેશ ૫૦૦ મીટર સાયકલ રેસ અને એક કિલોમીટર સાયકલ રેસમાં દ્વિતીય, મોઈન બોચીમાં દ્વિતીય, મોદન અફઝલ ૨૦૦ મીટર દોડમાં તૃતીય સ્થાન** પ્રાપ્ત કરીને દિશા કમ વિકાસ પ્રોજેકટ અને નટરાજ સી.પી. સ્કૂલનું નામ રોશન કરેલ.

◈ તા.૧૯/૫ ના રોજ નડિયાદ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે, રાજ્ય કક્ષાના સી.પી.બાળકોના **ખેલ મહાકુંભ**નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેકટના ત્રણ વિદ્યાર્થીઓ દ્વારા ભાગ બે-બે રમતોમાં લેવામાં આવેલ જેમાં પ્રોજેકટની વિદ્યાર્થીની **માનસી એ. નાવડિયાનો ૧૦૦ મીટર દોડમાં તૃતીય અને લાંબા કુદકામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત** કરી દિશા કમ વિકાસ પ્રોજેકટ અને નટરાજ સી.પી. સ્કૂલનું નામ રોશન કરેલ.

◈ નટરાજ સી.પી.સ્કૂલ દ્વારા વેકેશનના સમયના સદઉપયોગ માટે તા.૫/૫ થી ૧૬/૫ દરમ્યાન ઓનલાઈન **પેરેન્ટસ ટ્રેનિંગ પ્રોગ્રામ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં જુદા-જુદા તજજ્ઞો દ્વારા ઓનલાઈન સેશન લેવામાં આવ્યાં હતાં જેમાં દિશા કમ વિકાસ પ્રોજેકટના ૧૫ વાલીઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો.

◈ મે મહિના દરમ્યાન નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હીને પી.એન.આર. સોસાયટી સંચાલિત **દિશા કમ વિકાસ** પ્રોજેકટનો હાફ યરલી રિપોર્ટ સાથે-સાથે ફ્યુચર પ્લાનિંગ, જીયો ટેગ ફોટોગ્રાફસ, યુટીલાઈઝેશન સર્ટિફીકેટ, એકાઉન્ટ ડિટેલ્સ, સ્ટેટમેન્ટ ઓફ એક્સપેન્ડીચર દરેક બાળકની ડિટેલ્સ, દરેક સ્ટાફની ડિટેલ્સ, લોકલ પ્રોજેકટ કમિટીનાં દરેક સભ્યોની ડિટેલ્સ, કોરોના કાળ દરમ્યાન બાળકોને ઓનલાઈન એજ્યુકેશન મળી રહે તે માટે નેશનલ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવેલ. મોબાઈલ ફોનની ડિટેલ્સ તથા મોબાઈલ નંબરમાં કરવામાં આવેલ રીચાર્જ જેવી બધી જ માહિતી પબ્લિક ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ સિસ્ટમ (PFMS) માં મોકલવામાં આવેલ.

◈ આખા ગુજરાતમાં માત્ર પી.એન.આર.સોસાયટી પહેલી વહેલી એવી સંસ્થા છે કે જે PFMS નો ઉપયોગ કરે છે.



# શ્રી યુવક સંમેલન મુંબઈ

# નટરાજ લાઈબ્રેરી



✍ છાયા જોષી

## સક્સેસ સ્ટોરી

નટરાજ કોલેજ કેમ્પસમાં લાઈબ્રેરીમાં વિવિધ એક્ટિવિટી કરવામાં આવે છે. સી.પી.સ્કૂલમાં ધો.૮ માં અભ્યાસ કરતો **જીંજાળા જય** જયારે પહેલીવાર લાઈબ્રેરીમાં આવ્યો ત્યારે તેને થોડું થોડું વાંચતાં આવડતું હતું. મેં તેનામાં વાંચવાની ધગશ જોઈ આથી મેં તેને પ્રોત્સાહિત કર્યો. ધીમે-ધીમે તેને વાંચવામાં ફાવટ આવી ગઈ. આથી તેને વાંચવામાં રસ પડવા લાગ્યો.



જય દરરોજ લાઈબ્રેરીમાં આવવા લાગ્યો અને દરરોજ બુક્સ વાંચવા લાગ્યો. તા. ૨-૩-૨૨ થી તા. ૨૮-૩-૨૨ દરમ્યાન ૨૬ દિવસમાં ૨૨ બુક્સ વાચીને માર્ચ મહિનાનો સૌથી વધુ બુક્સ વાંચનાર વિદ્યાર્થી બન્યો છે.

આમ જયએ માર્ચ મહિનાનો **"રીડર ઓફ ધ મંથ" નો ખિતાબ મેળવ્યો છે.** ખૂબ ખૂબ અભિનંદન જય ને જય જિંદગીમાં ખૂબ જ આગળ વધે અને સફળતાના શિખરો સર કરે.



# પી.એન.આર. ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ વિઝયુઅલી ઈમ્પાયર્ડ



✍ કિરણબેન રાજ્યગુરુ

## વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી

કોલેજના તાલીમાર્થીઓ દ્વારા તા.૨૨/૪ ના રોજ **વિશ્વ પૃથ્વી દિવસની** ઉજવણી કરવામાં આવેલ. તેમાં પર્યાવરણ વિશે ક્વીઝ, પૃથ્વી વિષેની કવિતા, પોસ્ટર મેકિંગ અને વેસ્ટમાંથી બેસ્ટ બનાવવા જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવેલ. તાલીમાર્થીઓ તેમજ કોલેજના કોર્સ કો-ઓર્ડિનેટર અને સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

## સ્પર્ધા

ન્યુ દિલ્હી સશ્રમ સંસ્થા દ્વારા આયોજિત Poster Cum Slogan સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. તેમાં પ્રથમ વર્ષની તાલીમાર્થીઓ માંથી લીલા કુમારી હરદયાલસિંહ અને સિમરન પેથાર સેંવારસિંહ એમ બે વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. આ કોમ્પિટીશનની સમ્રગ માહિતિ, તેમજ તેનું સંચાલન કોર્સ કો-ઓર્ડિનેટર દ્વારા કરવામાં આવેલ.

## સંજીવની કાર્ડ

કોલેજના વર્ષ ૨૦૨૧-'૨૨ ના નવા પ્રવેશ પામેલા દરેક તાલીમાર્થીઓને આપણી હોસ્પિટલમાં **' સંજીવની કાર્ડ '** કાઢી આપવામાં આવેલ.



## ફિલ્મ શો

કોલેજના નવા પ્રવેશ પામેલા તાલીમાર્થીઓને ડિસેબિલીટી વિષેની જાણકારી પ્રાપ્ત થાય, તેમજ મંનોરંજન સાથે જ્ઞાન મળે તે હેતુસર દિવ્યાંગતાને લગતી મુવી બતાવવાનું આયોજન કરવામાં આવેલ. તેમાં તારે જમીન પર, બ્લેક, ઈકબાલ, આંખે જેવી અલગ-અલગ દિવ્યાંગતાને લગતી ફિલ્મોનો સમાવેશ થાય છે. આ તમામ ફિલ્મો દ્વારા તાલીમાર્થીઓના અભ્યાસમાં આવતા થિયરી તેમજ પ્રેકટીકલ વિષયોની સરળ સમજૂતી માટે, મનોરંજન સાથે જ્ઞાન પ્રાપ્ત કરાવવામાં આવેલ.

---

- નવા પ્રવેશ પામેલા તાલીમાર્થીઓના કોલેજના પ્રથમ દિવસે કંકુ ચોખાથી તિલક કરી, લાડુ દ્વારા મોં મીઠું કરાવી, સ્વાગત કરવામાં આવેલ અને મૉ સરસ્વતી વંદના, તેમજ પ્રાર્થના દ્વારા તાલીમાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે કોર્સ કો-ઓર્ડિનેટર તેમજ સ્ટાફ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.
- તા. ૭-૪ ના રોજ સી.પી. સ્કૂલના એન્યુઅલ ફંકશનમાં પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ ફંકશનમાં સ્વયંસેવક તરીકેની કામગીરી ખૂબજ ઉત્સાહપૂર્વક કરેલ.
- નવા પ્રવેશ પામેલા પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ દ્વારા પી. એન. આર. હોસ્પિટલની તા. ૮-૪ ના રોજ મુલાકાત કરવામાં આવેલ. જેમાં તમામ વિભાગોની માહિતી આપવામાં આવેલ. તેમજ કે. કે. બ્લાઈન્ડ શાળાની મુલાકાત કરવામાં આવેલ. જેમાં દરેક તાલીમાર્થીઓએ જુદા-જુદા દરેક વિભાગોની માહિતી પ્રાપ્ત કરેલ.

## આન્તર રાષ્ટ્રીય મહિલા દિવસ પર દૃષ્ટિબાધિત સુદામા ચક્રવર્તી એક દિવસ માટે કટનીના કલેક્ટર બન્યા

અંધત્વની સમસ્યા માટે શિક્ષણ અને સારવાર માટે નાણાની અછત એવી છે કે મફત આરોગ્ય પરીક્ષણ કેન્દ્ર સુધી પહોંચવા માટે બસ ભાડાની કોઈ વ્યવસ્થા નથી. અને આ બધા પછી પણ, ૨૦૧૭ માં ગુડગાંવ, દિલ્હીમાં આયોજિત પાંચમી રાષ્ટ્રીય જુડો સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક, ૨૦૧૮ માં રાષ્ટ્રીય અંધ જુડોમાં બ્રોન્ઝ મેડલ અને ૨૦૨૧ માં લખનૌમાં યોજાયેલી અંધ જુડો સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ સહિત, દેશના અલગ-અલગ શહેરોમાં આયોજિત બીજી ઘણી બધી સ્પર્ધાઓમાં ધણા મેડલ મેળવેલ છે. કટની જિલ્લાના ધીમરખેડા વિકાસ બ્લોકના દશરમણ ગામમાં રહેતા સુદામાએ બાળપણથી જ પડકારોનો સામનો કર્યો. આ સુદામા ચક્રવર્તીની ભાવના છે. ૮ માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના રોજ, તેણીને સન્માન આપવા માટે એક દિવસ માટે કટનીની સાંકેતિક કલેક્ટર બનાવવામાં આવી હતી. બી.એ.ના બીજા વર્ષના વિદ્યાર્થીની સુદામા ચક્રવર્તી કહે છે કે પિતા છોટેલાલ મજૂરી કરે છે અને માતા સુમ્મીબાઈ ઘરનું કામ કરે છે. અક્ષરોને સ્પર્શ કરીને શીખી. સરકારી ઉચ્ચતર માધ્યમિક મહાત્મા ગાંધી શાળામાંથી ધોરણ ૧૨ પાસ કર્યુ. હાલમાં શ્યામસુંદર અગ્રવાલ મહાવિદ્યાલય સિહોરામાં બી.એ. ના બીજા વર્ષમાં અભ્યાસ કરી રહી છે. જુડોનું પ્રશિક્ષણ તરુણ સંસ્કાર સંસ્થામાંથી પ્રાપ્ત કર્યુ છે. સ્નાતકના અભ્યાસની સાથે તેણી જુડોનો નિરંતર અભ્યાસ પડવાર સ્ટેડિયમ સ્લીમનાબાદ ખાતે રહેલ પ્રશિક્ષણ કેન્દ્રમાંથી કરી રહી છે.

**સૌજન્ય : વિકલાંગ મંચ**



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)

ફાલ્ગુની ખાટસુરિયા



## વાલી મિટીંગ (પ્રાથમિક વિભાગ)

તા.૭-૫ નાં રોજ શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા પ્રાથમિક વિભાગની વાલી મિટીંગનું આયોજન શાળાના મહાવીર ઓડિટોરીયમમાં કરવામાં આવેલ. કોરોના મહામારીને કારણે બે વર્ષ પછી મળેલ વાલી મિટીંગમાં, બાળકોએ મેળવેલ શૈક્ષણિક પ્રગતિ વિષે, તેઓને પડેલ મુશ્કેલી વિષે વાલીઓને માહિતગાર કરવામાં આવેલ. બાળકોની સહઅભ્યાસક પ્રવૃત્તિઓ જેવી કે રમત-ગમત, સાંસ્કૃત્તિક કાર્યક્રમ, મુલાકાત વગેરેના ફોટા PPT દ્વારા વાલીઓને બતાવવામાં આવેલ. ધો-૮ ના બાળકોએ પ્રાર્થનામાં કરેલ કામગીરી માટે તેઓને પ્રમાણપત્ર આપી પ્રત્સાહિત કરવામાં આવેલ. ભૂતપૂર્વ કેરટેકર સ્વ.શ્રી તારાબહેન તરફથી વર્ગના પ્રથમ અને દ્વિતીય ક્રમે આવેલ બાળકોને શિષ્યવૃતિ આપવામાં આવેલ. શાળાના મંત્રીશ્રી, આચાર્યશ્રી તથા ગૃહમાતાશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ. વાલીઓએ પ્રતિભાવ આપેલ. આભારવિધિ તથા સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી હર્ષાબહેન આશરાએ કરેલ.

## ભાવનગર કાર્નિવાલમાં શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાની વિશિષ્ટ પ્રસ્તુતિ

માન. મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી પ્રેરિત ભાવનગરનાં ૨૯૯ માં જન્મોત્સવની ઉજવણી બોરતળાવ ખાતે થઈ હતી. આ મલ્ટીમીડિયા શો માં ગુજરાતભરના વિવિધ નૃત્યવૃંદો સાથે શાળાની બધીર બાળાઓની ‘‘ગણેશ વંદના’’ ની ખાસ પ્રસ્તુતિ કરવા આમંત્રણ મળેલ. જે મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં રજૂ થયેલ. આ કૃતિને મુખ્યમંત્રી સહીતના મહેમાનો તથા વિશાળ જનમેદનીએ તાલીઓના ગડગડાટથી બીરદાવેલ. જે સંસ્થા માટે ગૌરવની વાત છે. જે માટે શાળાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા તથા પ્રિન્સીપાલશ્રીએ બાળકોને અભિનંદન પાઠવેલ.

## જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભ - ૨૦૨૧ના વિજેતાઓ

શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ પ્રાથમિક વિભાગ તેમજ શ્રીમતી મહાલક્ષ્મીબહેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ ૨૦૨૧-‘૨૨ માં ભાગ લીધેલ. ઓલ ગુજરાત સ્પોર્ટસ કાઉન્સિલ ઓફ ધ ડેફ- ગુજરાત સરકાર દ્વારા જિલ્લા કક્ષાએ આયોજિત ૧૦૦મી. દોડ અને ૨૦૦મી. દોડની સ્પર્ધાનું આયોજન



થયેલ. જેમાં શાળાના ૭ વિદ્યાર્થીઓ અને ૧૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ. જેના વિજેતાઓની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| **૧૬ વર્ષથી નીચે (A ગ્રૃપ) (ભાઈઓ)** | | |
| ખુશાલ સોલંકી | ૧૦૦મી. અને ૨૦૦મી. દોડમાં- પ્રથમ | ગોલ્ડ મેડલ વિજેતા |
| **૧૬ વર્ષથી નીચે (B ગ્રૃપ) (બહેનો)** | | |
| જાનકી પરમાર | ૧૦૦મી. અને ૨૦૦મી. દોડમાં- પ્રથમ | ગોલ્ડ મેડલ વિજેતા |
| **૧૬ વર્ષથી ઉપર (C ગ્રૃપ) (ભાઈઓ)** | | |
| પરમાર દશરથ | ૧૦૦મી. દોડ - દ્વિતીય | સિલ્વર મેડલ વિજેતા |
| વસરા ભરત | ૧૦૦મી. દોડ - તૃતીય | બ્રોન્ઝ મેડલ વિજેતા |
| વસરા ભરત | ૨૦૦મી. દોડ - પ્રથમ | ગોલ્ડ મેડલ વિજેતા |
| ભારોલા સાગર | ૨૦૦મી. દોડ- દ્વિતીય | સિલ્વર મેડલ વિજેતા |
| **૧૬ વર્ષથી ઉપર (D ગ્રૃપ) (બહેનો)** | | |
| બારૈયા હિરલ | ૧૦૦મી. દોડ - પ્રથમ | ગોલ્ડ મેડલ વિજેતા |
| સોલંકી પ્રભા | ૧૦૦મી. દોડ - દ્વિતીય | સિલ્વર મેડલ વિજેતા |
| બારૈયા કૈલાસ | ૧૦૦મી. દોડ - તૃતીય | બ્રોન્ઝ મેડલ વિજેતા |
| બારૈયા હિરલ | ૨૦૦મી. દોડ - પ્રથમ | ગોલ્ડ મેડલ વિજેતા |
| બાંભણીયા મનીષા | ૨૦૦મી. દોડ- દ્વિતીય | સિલ્વર મેડલ વિજેતા |
| ઘાસકટ્ટા માનસી | ૨૦૦મી. દોડ- તૃતીય | બ્રોન્ઝ મેડલ વિજેતા |

ઉપરોકત વિજેતા વિદ્યાર્થીઓ રાજયકક્ષાએ અમદાવાદ ખાતે હરીફાઈમાં ભાગ લેવા જશે. આ ખેલાડીઓના કોચ તરીકે સંસ્થાના રમતશિક્ષક શ્રી સંદિપભાઈ ગૌસ્વામીએ જહેમત ઉઠાવેલ. ટીમના મેનેજર તરીકે શિક્ષકશ્રી ચંદ્રિકાબેન પરમાર સાથે ગયેલ. સંસ્થાના

ટ્રસ્ટીશ્રીઓએ, તેમજ આચાર્યશ્રીઓ અને અન્ય કર્મચારીગણે વિજેતાઓને અભિનંદન પાઠવેલ, તેમજ આગામી હરીફાઈ માટે શુભેચ્છા આપેલ.

## રાજ્ય કક્ષાના સ્પેશ્યલ ખેલ-મહાકુંભ-૨૦૨૧ શાળાના બાળકોએ મેળવ્યા ૩૬ મેડલ્સ

તા.૧૨/૦૫/૨૦૨૨ થી તા.૧૩/૦૫/૨૦૨૨ બે દિવસ રાજ્યકક્ષાના સ્પેશ્યલ ખેલ-મહાકુંભ-૨૦૨૧ની એથ્લેટીક સ્પર્ધાઓ દહેગામ, અમદાવાદ ખાતે યોજાયેલ. જેમાં શ્રી શાહ ખી.લ.બહેરા મૂંગા શાળાના ૧૯ બાળકોએ ભાગ લીધો. જે પૈકી ૧૪ વિદ્યાર્થીઓએ વિવિધ એથ્લેટીક્સમાં અવ્વલ સિધ્ધિઓ પ્રાપ્ત કરી છે.

જેમાં કુલ ૭ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૯ બ્રોન્ઝ મેડલ્સ તથા વોલીબોલમાં ૧૬ વર્ષથી ઉપરના ભાઈઓએ ૯ સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે, અને બહેનોએ ૯ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે, એમ કુલ ૩૬ મેડલ્સ પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું તે બદલ અભિનંદન.



કોચ શ્રી સંદિપભાઈ, શિક્ષકશ્રી કીર્તિદેવભાઈ, શ્રી ચંદ્રિકાબેન અને શ્રી મુકેશભાઈને અભિનંદન.

| નામ | ગ્રુપ | ઈવેન્ટસ | મેડલ | નંબર |
|---|---|---|---|---|
| દશરથ પરમાર | સી | બરછીફેંક | ગોલ્ડ | ૦૧ |
| પ્રભા સોલંકી | ડી | ૪૦૦ મીટર દોડ | ગોલ્ડ | ૦૧ |
| હિરલ બારૈયા | ડી | ૨૦૦ મીટર દોડ | ગોલ્ડ | ૦૧ |
| હિરલ બારૈયા | ડી | ૪ x ૧૦૦ રિલે દોડ | ગોલ્ડ | ૦૧ |
| જ્યોતિ ડોડીયા | ડી | ૪ x ૧૦૦ રિલે દોડ | ગોલ્ડ | ૦૧ |
| માનસી પાસકટ્ટા | ડી | ૪ x ૧૦૦ રિલે દોડ | ગોલ્ડ | ૦૧ |
| પ્રભા સોલંકી | ડી | ૪ x ૧૦૦ રિલે દોડ | ગોલ્ડ | ૦૧ |
| હિરલ બારૈયા | ડી | ૧૦૦ મીટર દોડ | સિલ્વર | ૦૨ |
| મોહમદ મેમણ | સી | ગોળાફેંક | સિલ્વર | ૦૨ |
| પાયલ કાછડ | ડી | ૪ x ૧૦૦ રિલે દોડ | બ્રોન્ઝ | ૦૩ |
| કૈલાસ બારૈયા | ડી | ૪ x ૧૦૦ રિલે દોડ | બ્રોન્ઝ | ૦૩ |
| પ્રિન્સી ગોહિલ | ડી | ૪ x ૧૦૦ રિલે દોડ | બ્રોન્ઝ | ૦૩ |
| મનિષા બાંભણીયા | ડી | ૪ x ૧૦૦ રિલે દોડ | બ્રોન્ઝ | ૦૩ |
| ભરત વસરા | સી | ૪ x ૧૦૦ રિલે દોડ | બ્રોન્ઝ | ૦૩ |
| ડાભી અમિત | સી | ૪ x ૧૦૦ રિલે દોડ | બ્રોન્ઝ | ૦૩ |
| ભગીરથ માખણા | સી | ૪ x ૧૦૦ રિલે દોડ | બ્રોન્ઝ | ૦૩ |
| ભગીરથ માખણા | સી | ૪ x ૧૦૦ રિલે દોડ | બ્રોન્ઝ | ૦૩ |
| જ્યોતિ ડોડીયા | ડી | ૧૦૦ મીટર દોડ | બ્રોન્ઝ | ૦૩ |



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા

✍ જ્યોતિ ભટ્ટી



## વાલી મિટિંગ

તા.૦૬/૦૫ના રોજ ધો.૯ અને ૧૧ના વિદ્યાર્થીઓના વાલીઓની મિટિંગનું આયોજન કરવામાં આવેલ. મહાવીર ઓડિટોરીયમમાં યોજાયેલ આ મીટિંગમાં મુખ્ય મહેમાન શ્રી પરેશભાઈ, સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ, શાળાનાં આચાર્ય શ્રી શૈલેષભાઈ, હોસ્ટેલ ચેરમેન શ્રી મિતાબેન, ગૃહમાતાશ્રી સ્નેહાબેન, શ્રી મોહિતભાઈ તેમજ સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહયા હતા. પ્રાર્થના બાદ, શાળામાં વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તિઓનો વિડિયો બતાવી વાલીઓને અવગત કરવામાં આવ્યા. શ્રી શૈલેષભાઈએ જણાવ્યું કે 'કોરોનાકાળ દરમ્યાન ઘણી સામાજિક, આર્થિક, શૈક્ષણિક મુશ્કેલીઓ પડી છે. છતાં અમે શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા સઘન પ્રયત્નો કરીએ છીએ.' તેમજ વિદ્યાર્થીઓને ઘરે હોમવર્ક કરવા સૂચન કર્યુ હતુ. ત્યારબાદ વાલી




પ્રતિભાવમાં શ્રી દર્શનાબેન, શ્રી બાકરઅલી કરમુલા, શ્રી સંજયભાઈ વગેરેએ શાળાની તમામ પ્રવૃત્તિઓનાં વખાણ કરી આભાર માન્યો હતો. શ્રી મિતાબહેને દરેકને શિસ્ત કેળવવા જણાવ્યું, તેમજ શ્રી અશ્વિનભાઈએ આગામી વર્ષોમાં વિદ્યાર્થીઓને સિવણ, સુથારીકામ વગેરે શિખવવા પ્રયત્નો કરી રહયા છીએ, તેમ જણાવ્યું હતું. શ્રી પરેશભાઈ એ વિડિયો જોઈ વિદ્યાર્થીઓની ઉંમર પ્રમાણે શકિત બહાર લાવવાનાં પ્રયત્નો બીરદાવ્યા હતા.

## સાયન્સ સીટી પ્રવાસ

શાળામાં તા.૨૯-૪ ના રોજ "Science City " અમદાવાદ ખાતે એક દિવસના પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. જેમાં ધો-૯ અને ધો-૧૧ ના ૩૩ વિદ્યાર્થીનીઓ અને ૪૧ વિદ્યાર્થીઓ એમ કુલ ૭૪ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો, આચાર્ય તેમજ અન્ય સ્ટાફ જોડાયેલ અમદાવાદ ખાતે Science City Aquarium, Robotic Gallery, Marsh Mission ની મુલાકાતમાં વિદ્યાર્થીઓએ જ્ઞાન સાથે આનંદ પ્રાપ્ત કરેલ. માછલીઓની અદ્‌ભૂત દુનિયા, તેની વિશેષતાઓ, રોબોટ દ્વારા થતાં અનેક પ્રકારનાં કાર્યોનું સંચાલન વગેરે નિહાળેલ. ઉપરાંત Thriller Ride માં બેસવાનો અવર્ણનીય અનુભવ મેળવેલ. સાંજે ગાંધીનગર ખાતે અક્ષરધામ Musical Water Show જોઈને સહુ ખૂબ પ્રભાવિત થયા. પ્રિન્સિપાલ શ્રી શૈલેષભાઈ દવે એ ખૂબ સરસ આયોજન કરેલ. વિદ્યાર્થીઓને Sign દ્વારા શાળાનાં શિક્ષકોએ Interprit કરી દરેક બાબતની સમજ આપેલ. દરેક સ્ટાફની જહેમતથી પ્રવાસ સફળ રહયો હતો.





## 'શૃંગાર પ્રોજેકટની તાલીમાર્થીઓનો અભિવાદન કાર્યક્રમ'

શાળામાં ચાલતા **શૃંગાર પ્રોજેકટ** અંતર્ગત તાલીમાર્થીઓનો અભિવાદન કાર્યક્રમ તા.૧૫-૩ ના રોજ યોજવામાં આવેલ. આ વર્ષે ધો-૧૧ ની ૧૦ વિદ્યાર્થીનીઓએ બ્યુટી પાર્લર ટ્રીટમેન્ટ જેવી કે ફેસીયલ, થ્રેડિંગ, મેનીકયોર, પેડીકયોર, હેરસ્ટાઈલ વગેરેની પ્રેકટીકલી તાલીમ લીધેલ. આ સાથે વિદ્યાર્થીનીઓને દરેક વસ્તુનાં નામ, કંપનીનું નામ, તેના ઉપયોગની ચોકકસ રીત ઉપરાંત અયોગ્ય ઉપયોગથી રીએકશન પણ આવી શકે તે દરેક માહિતી આપવામાં આવેલ. તાલીમ પૂરી થયા બાદ થીયરી અને પ્રેકટીકલની પરીક્ષા લેવામાં આવેલ. પરીક્ષક તરીકે શ્રી લક્ષ્મીબહેન જાની અને શ્રી દર્શનાબહેન શાહે સેવા આપેલ. જેમાં પ્રથમ નંબર દિવ્યા મોર, દ્વિતિય નંબર વિધિ કામળિયા તથા તૃતિય નંબર જયા પરમારે મેળવેલ. ત્રણેય વિજેતાઓને ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. શૃંગાર પ્રોજેકટની ગ્રાન્ટ VSEI તરફથી આપવામાં આવે છે. જે અંતર્ગત વિદ્યાર્થીનીઓને શીખવવા માટેની દરેક વસ્તુઓ, વિજેતાઓને ભેટ આપવામાં આવે છે. આ ઉપરાંત દરેક તાલીમાર્થી શ્રવણમંદ વિદ્યાર્થીનીઓને એક-એક વેનિટી કીટ તેમજ સર્ટીફિકેટ આપવામાં આવેલ. કાર્યક્રમમાં સંસ્થાનાં મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી જીતુભાઈ શાહ, શ્રી અમિતભાઈ, શ્રી શૈલેષભાઈ દવે, શ્રી ઈલાબહેન, શ્રી મિતાબહેન, શ્રી સ્નેહાબહેન વગેરે ઉપસ્થિત રહયા હતા. સમગ્ર કોર્સનું શિક્ષણ શ્રી ધ્રુવિબહેન મહેતા એ આપેલ તથા કોર્સ કો-ઓર્ડિનેટર તરીકે શ્રી ભકિતબહેન મહેતા એ કાર્ય કરેલ. શ્રી ઈલાબહેને કાર્યક્રમનો હેતુ જણાવતા કહયું હતું કે 'શ્રવણમંદ વિદ્યાર્થીનીઓ આ બ્યુટી ટ્રીટમેન્ટની તાલીમ દ્વારા ભવિષ્યમાં પગભર થઈ શકશે.' શ્રી અમિતભાઈ એ દરેકને શુભેચ્છા પાઠવેલ.

માધ્યમિક શાળાનાં પ્રિન્સિપાલ શ્રી શૈલેષભાઈ દવેએ આભારવિધિ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ભકિતબહેન મહેતાએ કરેલ.



## પ્રજ્ઞાચક્ષુઓને છેતરાતાં બચાવતુ નવું એપ્લિકેશન : 'દ્રષ્ટિ'

એમ.એસ. યુનિવર્સિટી વડોદરાના શિક્ષક શ્રી વિશ્વાસ રાવળે પ્રજ્ઞાચક્ષુઓ શોપીંગ કરી શકે અને બધા દેશના ચલણની આપલે કરી શકે એ હેતુથી 'દ્રષ્ટિ' નામનું એપ્લિકેશન શોધ્યું છે. તેનાથી વસ્તુ પરની ક્ષેત્રની વિગત તે પોતાની સ્થાનિક ભાષામાં જાણી શકશે, રંગને જાણી શકશે. ફિચર હોયને ઈમરજન્સીમાં પોતાનું લોકેશન સંબંધિત માણસોને જણાવી શકશે. SOS પ્રજ્ઞાચક્ષુઓ વિનામૂલ્યે આ એપ્લિકેશનનો ઉપયોગ કરી શકશે. પ્રજ્ઞાચક્ષુઓની જરૂરતોનો અભ્યાસ કરી, તેના જવાબમાં આ એપ્લિકેશન વિકસાવવામાં આવ્યું



## શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત
# શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ
## (હિયરિંગ ઈમ્પાયર્ડ)

✍ સંતોષ યાદવ



### સંસ્થા વિઝિટ :-

નવા પ્રવેશ પામેલ બી.એડ. અને ડી.એડ. ના તાલીમાર્થીઓને વિવિધ સંસ્થાઓનો પરિચય થાય તે હેતુથી પી.એન.આર.સોસાયટી સાથે જોડાયેલ સ્પેશ્યલ સ્કૂલ તથા તેની સાથે જોડાયેલા અન્ય વિભાગોની વિઝિટ કરાવવામાં આવી. જેમાં શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટ્યુટ ફોર ધ ડેફ, અંકુર મંદબુદ્ધિના બાળકોની શાળા અને શ્રી મહારાજા કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા તથા સી.પી. શાળાની મુલાકાત લેવામાં આવી, જ્યાં વિવિધ થેરાપી, શિક્ષણકાર્ય, શાળાનું બાંધકામ વિગેરે વિશે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી. સાથે સાથે ઓટિઝમ સ્કૂલના કાર્યની માહિતી આપવામાં આવે છે.

### ઈન્ટરનેશનલ એકેડેમિક એચિવર્સ એવોર્ડ :-

તા.૨૫/૦૩/૨૦૨૨ ના રોજ રાણી દુર્ગાવતી યુનિવર્સિટી જબલપુર દ્વારા જબલપુર મેનેજમેન્ટ એસોસિએશનના સહયોગથી ન્યુ દિલ્હી દ્વારા, **આઝાદી કા અમૃત મહોત્સવ** અંતર્ગત ઈન્ટરનેશનલ એકેડમિક એવોર્ડનું આયોજન કરવામાં આવેલ જેમાં આપણા ટીચર્સ ટ્રેનિંગ કોલેજના આચાર્ય ડો. સંતોષભાઈ યાદવને રાણી દુર્ગાવતી યુનિવર્સિટી જબલપુરના કુલપતિ પ્રોફે.કપિલદેવ મિશ્રા દ્વારા " Award for Teachers With Highest Potential " ના એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ.

### ઓનલાઈન સી.આઈ.ઈ. કાર્યક્રમ :-




તા.૨૬,૨૭,૨૮ માર્ચ '૨૨ દરમ્યાન "BUILDING THE COMPETENCIES OF TEACHERS FOR ONLINE TEACHING TO SwDs" વિષય પર ત્રણ દિવસીય રાષ્ટ્રીય વેબિનાર તથા તા.૨૧,૨૨,૨૩ એપ્રિલ દરમ્યાન **'ઈકો સિસ્ટમ એરાઉન્ડ ફિલ્ડ ઓફ સ્પેશ્યલ એન્ડ ઈન્ક્લુઝિવ એજ્યુ.'** પર યોજાયેલ. આ કાર્યક્રમમાં ભારતના અલગ-અલગ રાજ્યમાંથી ૨૦૦ થી પણ વધારે લોકો ઝૂમ પ્લેટફોર્મ ઉપર જોડાઈને ત્રણ દિવસ કાર્યક્રમમાં આઈ.ટી.સી.ટી. ના નિષ્ણાંતો દ્વારા ઈ-મટીરીયલ કઈ રીતે શોધવું, તૈયાર કરવું અને તેને પ્રેઝન્ટેશન કરવું, તેના વિશે ચર્ચાઓ કરવામાં આવેલ. કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારોહમાં ઓનલાઈન વર્ચ્યુઅલ તરીકે ડો.નવનીતભાઈ રાઠોડ, ડો.જયંતભાઈ વ્યાસ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. તેમજ સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે RCI-ZCC ના કો-ઓર્ડિનેટર ડો.શ્રદ્ધાબેન રાય તથા CRC લખનાઉના ડાયરેકટર ડો.રમેશકુમાર પાંડે ઉપસ્થિત રહ્યાં હતા. સંસ્થાના માનદ્‌મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, ખજાનચીશ્રી જીતુભાઈ શાહ, ટીચર્સ ટ્રનિંગ કોલેજના ચેરમેન શ્રી ધીરૂભાઈ જે. ધંધુકિયા, પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ઈલાબેન મજમુદાર, કોલેજના પ્રિન્સિપાલ ડો.સંતોષભાઈ યાદવ અને શ્રી હર્ષાબેન આશરા પણ ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના અધ્યક્ષ શ્રી ગિરીશભાઈ સી. શાહ અને ટીચર્સ ટ્રેનિંગ કોલેજના આચાર્યશ્રી ડો.સંતોષભાઈ યાદવ દ્વારા કરવામાં આવેલ.

### બી.એડ. ની ઈન્ટર્નશીપ :-

તા.૨૯/૦૩ થી તા.૧૦/૦૪ દરમ્યાન બી.એડ. સ્પેશ્યલ એજ્યુકેશન (એચ.આઈ.) વર્ષ ૨૦૨૦-'૨૨ ના તાલીમાર્થીઓએ સમધારણ બાળકોની શાળા નંબર.૮૦ ડોકટર ભીમરાવ આંબેડકર શાળામાં ૧૦ દિવસ સુધી ઈન્ટર્નશિપ કરેલ.

### પરીક્ષા પે ચર્ચા :-

તા.૦૧/૦૪ ના રોજ ટીચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓને **પરીક્ષા પે ચર્ચા** ઓનલાઈન કાર્યક્રમ કોલેજ દ્વારા યુટ્યુબ ચેનલ પરથી બતાવવામાં આવેલ, જેમાં મા. પી.એમ. શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અલગ-અલગ પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ.

### રિસોર્સ પર્સન તરીકે ફરજ :-

શ્રી સંત ગાડગે શિક્ષણ સંસ્થાન, જલગાવ મહાષ્ટ્ર દ્વારા આયોજિત આર.સી.આઈ. માન્ય ત્રણ દિવસીય ઓનલાઈન સી.આર.ઈ. તા.૦૫/૦૪ ના દિવસે 'શ્રવણ દિવ્યાંગતા પરિચય' વિષય પર ડો.સંતોષભાઈ યાદવ દ્વારા વક્તવ્ય આપવામાં આવેલ.

### વિષય નિષ્ણાંત તરીકે ફરજ :-

તા.૦૮/૦૪ ના રોજ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના શિક્ષણ ભવનમાં ચાલતા એમ.એડ. અભ્યાસક્રમના

બીજા સમેસ્ટરના તાલીમાર્થીઓને ‘બી.એડ. સ્પેશ્યલ એજ્યુકેશન એચ.આઈ., એમ.આર. અભ્યાસક્રમ’ પર કોલેજના આચાર્ય ડો.સંતોષભાઈ યાદવ દ્વારા ત્રણ કલાકનો લેકચર લેવામાં આવેલ.

## બાબાભાઈનો જન્મદિવસ :-

તા.૦૮/૦૪ ના દિવસે સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી અનંતરાય કે.શાહ (બાબાભાઈ) ના અઠ્યાસીમા જન્મદિવસની ઉજવણી મહાવીર ઓડિટોરીયમમાં કરવામાં આવેલ. જેમાં ટીચર્સ ટ્રેનિંગ કોલેજનાં તાલીમાર્થીઓ દ્વારા એક ડ્રોઈંગ શ્રી અનંતરાય કે.શાહ (બાબાભાઈ) ને આપવામાં આવેલ.

## તાલીમાર્થીઓ દ્વારા ડિબેટ :-

તા.૦૯/૦૪ ના રોજ બી.એડ. અને ડી.એડ. ના તાલીમાર્થીઓ સચિન કુમાર, સુમન કુંવર, શ્રેણી દાન, ગોવિંદ કુમાર દ્વારા આધુનિક વિજ્ઞાન (જીવોની ઉત્પતિ, ઈશ્વરનું આસ્તિત્વ, કમ્પ્યુટરના ક્ષેત્રમાં વિજ્ઞાનનું યોગદાન, વિજ્ઞાન વરદાન અને અભિશાપ સ્વરૂપે) વિષય ઉપર એક પરિચર્ચા કરવામાં આવી. જેમાં કોલેજના તમામ તાલીમાર્થીઓએ સક્રિય રૂપે ભાગ લીધેલ.

## આર.સી.આઈ. વિઝિટિંગ એક્સ્પર્ટ :-

ભારતીય પુનર્વાસ પરિષદ, નવી દિલ્હી દ્વારા વિઝિટિંગ એક્સ્પર્ટ તરીકે નિમણૂંક, બંધન સંસ્થાન સુરતગઢ, શ્રીગંગાનગર રાજસ્થાનમાં ડી.એડ. સ્પે.એજ્યુ (એચ.આઈ.) નવા અભ્યાસક્રમની માન્યતા માટે તા.૧૬ અને ૧૭ એપ્રિલ ના રોજ ઈન્સપેકશન કરવાની કામગીરી કોલેજના આચાર્ય ડો.સંતોષભાઈ યાદવ દ્વારા કરવામાં આવેલ.

## ઈન્ટર્નલ પરીક્ષા :-

તા.૧૬/૦૪ થી ૧૯/૦૪ સુધીમાં બી.એડ. સ્પેશિયલ એજ્યુકેશન (એચ.આઈ.) ડી.એડ. સ્પેશિયલ એજ્યુકેશન (એચ.આઈ.) ના તાલીમાર્થીઓની ઈન્ટર્નલ થીયરી પરીક્ષા યોજાઈ હતી.

## આઈ.એમ.ડી.આર.એફ. એવોર્ડ ૨૦૨૨ :-

તા.૨૨/૦૪ ના રોજ ઈન્ટરનેશનલ મલ્ટી ડિસીપ્લનરી રિસર્ચ ફાઉન્ડેશન ઈન્સ્ટિટ્યુટ ઓફ હાયર એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્ડિયા દ્વારા વિશિષ્ટ શિક્ષણના ક્ષેત્રમાં **ઈન્ટરનેશનલ લુઈસ બ્રેલ ઈનોવેટિવ રિસર્ચ** એવોર્ડથી ટીચર્સ ટ્રનિંગ કોલેજના આચાર્ય ડો.સંતોષભાઈ યાદવ ને, આઈ.એમ.આર.એફ.ના અધ્યક્ષ ડો.રત્નાકાર ડી. બાલા દ્વારા સન્માનિત કરવામાં આવેલ.

## ફાઈનલ લેસન :-

તા.૨૨ અને ૨૩ એપ્રિલ ૨૦૨૨ નાં રોજ માધ્યમિક શાળામાં બી.એડ. સ્પે.એજ્યુકેશન (એચ.આઈ.) ૨૦૨૦-૨૨ ની બેન્ચના ૧૦ તાલીમાર્થીઓના ફાઈનલ લેસન લેવામાં આવેલ.

## શૈક્ષણિક પ્રવાસ :-

ટીચર્સ ટ્રેનિંગ કોલેજનાં ડી.એડ. અને બી.એડ. અભ્યાસક્રમમાં આવતા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૫૯ તાલીમાર્થીઓ, ૬ સ્ટાફ અને ૫ અન્ય લોકો માટે તા.૨૪/૦૪ થી તા.૨૭/૦૪ દરમ્યાન જય સોમનાથ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સથી દ્વારકા, બેટ દ્વારકા, સોમનાથ, ભાલકાતીર્થ, દીવ-નાગવાબીચ, ગંગેશ્વર મંદિર, જુનાગઢ ગુરૂ દતાત્રેય મંદિર અને કાગવડ-ખોડલધામ જેવા ધાર્મિક સ્થળો પર યોજવામાં આવેલ.

## રક્ષાબેન દવે એવોર્ડ અને વિદાય સમારોહ :-

ટીચર્સ ટ્રેનિંગ કોલેજમાં દર વર્ષે બી.એડ. અને ડી.એડ. ફાઈનલ પરીક્ષામાં પ્રથમ અને દ્વિતીય સ્થાને ઉતીર્ણ થનાર તાલીમાર્થીઓને રોકડ રકમ તેમજ શિલ્ડથી નવાજવામાં આવે છે. આ વર્ષે પણ તા.૩૦/૦૪ ના રોજ મહાવીર ઓડિટોરિયમમાં સન્માન સમારોહ યોજાઈ ગયો. જેમાં પ્રથમ ક્રમે પૃથ્વીરાજ ગુર્જર (૭૯.૦૦%) અને દ્વિતીય ક્રમે ભંડારી હસ્તી (૭૭.૩૨%) ને શ્રી ડો.રક્ષાબેન દવે પારિતોષિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ. તેમજ બી.એડ. સ્પેશિયલ એજ્યુ. (એચ.આઈ.) ૨૦૨૦-૨૦૨૨ ની બેચના ૧૦ તાલીમાર્થીઓનો વિદાય સમારોહ યોજાઈ ગયો. જેમાં વિદાય લઈ રહેલ તાલીમાર્થીઓને સંસ્થા તરફથી શિલ્ડ આપીને સન્માનિત કરવામાં આવેલ. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે શ્રી ડો.રક્ષાબેન દવે, સંસ્થાના ખજાનચીશ્રી જીતુભાઈ શાહ, કોલેજના આચાર્ય ડો.સંતોષભાઈ યાદવ ઉપસ્થિત રહેલ. તેમજ કોલેજના ચેરમેનશ્રી ડી.જે.ધંધુકિયા ઓનલાઈન માધ્યમથી કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ અને વિદાય લઈ રહેલ તાલીમાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી અજીતકુમાર અને શ્રી દયાબેન વકાણી દ્વારા કરવામાં આવેલ.





# શ્રીમતી પ્રભાકુંવરબેન રતિલાલ વાઘર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



વિપુલ જેઠવા

◈ માહે એપ્રિલ અને મે એમ બે માસમાં લોકલ લેવલે ભાવનગરમાં કુલ **૨૧૧** જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ જેમાં લાભાર્થીઓને આશરે **૨૪૭** જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આખા પગ-**૧**, અડધા પગ-**૧૦**, અડધા હાથ-**૨**, ની-બ્રેસ-**૩૬**, હેન્ડ સ્પિલન્ટ-**૧૫**, નાઈટ- સ્પિલન્ટ-૦, સ્પાઈનલ ઓર્થોસિસ-**૮**, કેલીપર-**૧૪**, એ.એફ.ઓ-**૪૪** તથા ક્રચીઝ-૦, ઓર્થોશૂઝ-**૬** જોડ, તથા ૪૩ જુદા-જુદા સાધનો જેવા કે વાલગસ પેડ, એલ.એસ.બેલ્ટ, વિગેરે પૂરા પાડવામાં આવેલ હતા. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને સર્વાઈકલ કોલર, ફકત ટોકન પેમેન્ટ થી પૂરા પાડવામાં આવેલ.

◈ માહે એપ્રિલ-'૨૨ સંસ્થામાં તા.૧૨-૪-'૨૨,તા.૧૪-૫-'૨૨ તથા તા.૨૮-૪-'૨૨ દાતાશ્રી ગિફ્ટ એન્ડ ટીટ તરફથી એક કેમ્પ તથા **અલંગ ઓટો એન્ડ જનરલ એન્જિનીયરીંગ** કંપની તરફથી એક એમકુલ-**૨** કેમ્પ યોજવામાં આવેલ. જેમાં કુલ-**૨૮** લાભાર્થીઓને કુલ-**૩૮** જુદા-જુદા સાધનો વિનામૂલ્યે પૂરા પાડવામાં આવેલ હતાં.

◈ સંસ્થાના સિનિયર ડૉ. નાયક દ્વારા માહે એપ્રિલ-'૨૨ માં જાલંધર મુકામે ની-બ્રેસના કેમ્પનું આયોજન કરેલ જેમાં ૧૮૬ જેટલી ની બ્રેસ બનાવવામાં આવેલ છે.

◈ મે-'૨૨ માં જામનગર, બેંગ્લોર, સીરસી, શિમોગા, જુના મુંબઈ મુકામે ની-બ્રેસ કેમ્પનું આયોજન કરેલ. જેમાં **૬૧૫** જેટલી ની-બ્રેસ બનાવવામાં આવેલ.

## નિઃશુલ્ક કેમ્પ ઉદ્‌ઘાટન

તા.૨૮-૪-૨૨ ના રોજ **અલંગ ઓટો એન્ડ જનરલ એન્જિનિયરીંગ** નામની સંસ્થા તરફથી કુલ ૧૪ દિવ્યાંગ વ્યક્તિને પસંદ કરીને કુલ ૧૬ કૃત્રિમ સાધનો પૂરા પાડવામાં આવેલ હતાં. આ કાર્યક્રમનું દીપ પ્રાગટય શ્રી શશીકાંન્તભાઈ વાઘર, તથા શ્રી બિંન્દીબેન અને સંસ્થાના પી. એન્ડ ઓ. વિપુલભાઈ અને વર્કશોપ પરિવારે કરી. આ કેમ્પમાં જરૂરિયાતમંદ દિવ્યાંગોને વિનામૂલ્યે સાધનો પૂરા પાડવામાં આવેલ હતા.


## નિઃશૂલ્ક કેમ્પ-૧

**તા.૧૪-૪-૨૨ ના એક લાભાર્થીની વિગત :** શ્રીમતિ કૈલાશબેન ચાવડા ઉં.વ.૩૩, જેઓ વઢવાણ તાલુકાના રામપરા ગામથી આવે છે. જેમને એક્સિડન્ટને લીધે જમણો પગ ગોઠણથી ઉપર અને ડાબો પગ ગોઠણથી નીચેનો કપાવવો પડેલ હતો. તેઓને હાલ બન્ને કૃત્રિમપગ ફીટ કરી આપવામાં આવેલ છે. જેને લીધે તેઓ પોતાનું કાર્ય વ્યવસ્થિત રીતે કરી શકશે.

## નિઃશૂલ્ક કેમ્પ-૨

**તા.૨૮-૪-૨૨ ના એક લાભાર્થીની વિગત :** શ્રી શૈલેષભાઈ પાટડીયા જેમની ઉંમર ૩૨ વર્ષની જ છે. તેઓ જુનાગઢ જિલ્લાના ઘંટીઆળ ગામથી આવે છે. તેમનો જમણો હાથ મીલર મશીનમાં આવી જવાથી, કોણીથી ઉપરનાં ભાગે કપાવવો પડેલ હતો. તેઓ કૃત્રિમ હાથ પહેરવાથી, તેઓ પોતાનું જરૂરી કાર્ય કોઈપણની સહાય વગર કરી શકશે અને તેમની આગળની જિંદગીમાં કશુંક આર્થિક ઉપાર્જનનું કાર્ય કરી શકશે.



## નિઃશૂલ્ક કેમ્પ-૩

**તા.૧૪-૫-૨૨ ના એક લાભાર્થીની વિગત :** શ્રી મહેશભાઈ દસાડિયા ઉ.વ.૪૪ જેઓ સુરેન્દ્રનગરથી આવે છે. તેમને ઈલેક્ટ્રિક શોક લાગવાથી આશરે એકાદ વર્ષ પહેલા જમણા હાથ કોણીથી નીચેનો કપાવવો પડેલ હતો. હાલ તેઓને કૃત્રિમ હાથ ફીટ કરી આપેલ છે. આ હાથ પહેરવાથી તેઓ પોતાનું કાર્ય વ્યવસ્થિત રીતે કરી શકશે.



# ‘અંકુર’ મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા



✍ નેહલ ગટવી

## રાજ્ય કક્ષાના સ્પેશ્યલ ખેલ-મહાકુંભમાં અંકુર શાળાની સિધ્ધિ

તાજેતરમાં અમદાવાદ ખાતે આયોજીત રાજ્ય કક્ષાના સ્પેશ્યલ ખેલ-મહાકુંભમાં મંદબુધ્ધિની તથા મગજના લકવાવાળા રમતવીરાએ ભાગ લીધેલ.

જેમાં સ્થાનિક ‘અંકુર’ મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળાના બાળકોની વિવિધ ટીમે ગેઈમ તથા એથ્લેટિક્સ રમતમાં ભાગ લીધેલ.

જેમાં બાસ્કેટબોલમાં બીજા ક્રમે ૦૫, બોચીમાં બીજા ક્રમે ૦૨ આવી કુલ ૭ વિદ્યાર્થીઓએ રૂા.૨૧,૦૦૦/- નો રોકડ પુરસ્કાર મેળવી, રાજ્ય કક્ષાએ અંકુર શાળાનું નામ ગુંજતુ કરેલ.

પ્રિન્સીપાલ શ્રી મંઘજીખાન કે. સાયબાણીનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્ટાફે બાળકોની આ સિધ્ધિ માટે સરાહનીય કામગીરી કરેલ.

# ૧ મે થી ૩૦ જૂન ‘૨૨ સુધીના દાતાઓની યાદી

PNR HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Nileshbhai Sarvaiya | |
| C/O. Shri Rudabhai Sarvaiya - Bhavnagar | 3,500 |
| Well Wisher - Bhavnagar | 2,500 |
| Dr.Kashmira Vadodariya | |
| C/O. N. C. Desai-Bhavnagar | 15,000 |
| Shri Rashmi V.Shah - Mumbai | 5,000 |
| Shri Gadhia Chhaganlal Gokalbhai - Rajkot | 1,25,000 |
| Shri Sachin Jayantilal Pajwani - Jamnagar | 5,000 |
| Shri Harkishan K. Shah - Vadodara | 10,000 |
| Shri Nasimben J. Katawala - Bhavnagar | 2,000 |
| Shri Rajesh Ramniklal Modi - Mumbai | 5,000 |
| Shri Upendrabhai J. Trivedi - Mumbai | 12,000 |
| Shri K. N. Shah Charitable Trust | |
| C/O.National Color Chem.Corp.- Mumbai | 15,00,000 |
| Shri Pratibhaben Girishbhai Shah - Bhavnagar | 50,000 |
| Shri Natvarlal Ramniklal Chanchad - Bhavnagar | 5,000 |
| Shri Nileshbhai Sarvaiya | |
| C/O. Rudabhai Sarvaiya - Bhavnagar | 5,000 |
| Well Wisher - Bhavnagar | 1,000 |
| Dr. Kashmira Vadodariya | |
| C/O. N. C. Desai - Bhavnagar | 5,000 |
| Shri Rashmi V.Shah - Mumbai | 5,000 |

## PNR-USA Foundation Inc. A.T. & T. Tecnology Park

| | $ |
|---|---|
| Shri Jitendra Parekh - LN | $ 500 |
| Shri Sangita Shah - NJ | $ 890 |
| Shri Madhukanta Kamdar - NJ | $ 10,000 |
| Shri Gunvantrai Shah - KS | $ 5,000 |
| M/S. Network for Good - MI | $ 75 |
| Shri Batuk Modi - OH | $ 250 |
| Shri Prafulbhai Shah (Fidelity) - NJ | $ 6,600 |
| Shri Ramesh & Bharati Mistry - CA | $ 5,000 |
| **Total (A)** | **$ 28,315** |

## PNR-USA Foundation Inc. General Donation

| | $ |
|---|---|
| The Blackbaud Giving Fund - SC | $ 1,000 |
| The Blackbaud Giving Fund - SC | $ 1,000 |
| Shri Ragilni Gandhi - NJ | $ 51 |
| So Hum Foundation - NJ | $ 8,000 |
| Shri Mukund Mehta - NY | $ 151 |
| Shri Shanti Enginner - FL | $ 100 |
| Shri Manjula Shah - OH | $ 101 |
| Shri Ramila Kamdar - FL | $ 201 |
| Shri Rita Sheth - OK | $ 500 |
| Shri Bharti & Haresh Ajmera - OK | $ 5,000 |
| M/S. American Online Foundetion Inc. - DE | $ 240 |
| Shri Urmila & Arun Kothari Fund - TX | $ 5,000 |
| **Total (B)** | **$ 21,344** |
| **Grand Total A + B** | **$ 49,659** |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Late Vijayaben Lavchand Mehta - Bhavnagar | 10,000 |
| Late Vijayaben Lavchand Mehta - Bhavnagar | 3,500 |
| Shri Rohit D Samnani - Bhavnagar | 5,040 |
| Shri Narangiben B Vakharia | |
| Charitable Trust - Mumbai | 2,500 |
| Shri Girishbhai C Shah - Bhavnagar | 5,000 |
| Shri Bharatbhai Vanmalibhai | |
| Chudasama - Bhavnagar | 10,000 |
| Shri Prabodhbhai Shukla - Bhavnagar | 15,000 |
| Rotary Club Of Puna University | |
| Charitable Trust - Pune | 22,000 |
| Kumari Kavita Pratapray Nemchand Doshi-Mumbai | 1,100 |
| Shri Naliniben P Sampat - Mumbai | 717420 |
| Shri Hiralaxmi Mahendrabhai Shah - Bhavnagar | 2,000 |
| Shri Kalpesh Y Pandya - Bhavnagar | 4,500 |
| Shri Bhavesh Himatbhai Chavda - Bhavnagar | 25,000 |

| | |
|---|---|
| Shri Pradipbhai Himatbhai Chavda - Bhavnagar | 50,000 |
| Shri Bhavesh Himatbhai Chavda - Bhavnagar | 25,000 |
| Shri Aarav Tejasbhai Dholakia - Bhavnagar | 10,000 |
| Shri Nikhilbhai Makati - Bhavnagar | 5,000 |
| Late Mangalaben Kantilal Vakani - Bhavnagar | 2,727 |
| Shri Prashant Kantilal Modi - Bhavnagar | 25,000 |
| Shri Himatlal Shantilal Sheth - Bhavnagar | 51,000 |
| Shri Hiteshbhai Ranabhai Mer - Bhavnagar | 6,000 |
| Late Dipakbhai Vaghela - Bhavnagar | 5,000 |
| Shri Dudhiben Devchand Mehta Charitable Trust - Mumbai | 2,500 |
| Late Suryaben A Mehta & Lt. Kundanben L Sanghavi - Mumbai | 10,000 |
| Shri Vipinbhai Mandaliya - Bhavnagar | 11,000 |
| Shri Dr. Navnitbhai C Thakur - Bhavnagar | 2,100 |
| Shri Ullhas Chandrakant Paymaster - Mumbai | 30,000 |
| Shri Ullhas Chandrakant Paymaster - Mumbai | 21,000 |
| Shri Sejalben N Mehta - Bhavnagar | 3,100 |
| Shri Mandipsinh Rajendrasinh Zala - Bhavnagar | 3,400 |
| Shri Pravinchandra Manilal Shah - Mumbai | 5000 |
| Shri Jaybhai K Shivsagar - Bhavnagar | 1000 |
| Shri Hemantkumar Kantilal Bhayani - Bhavnagar | 10000 |
| Shri Hemantkumar Kantilal Bhayani - Bhavnagar | 4000 |
| Shri Dharamshibhai Savjibhai Donda - Bhavnagar | 2000 |
| Shri Aarav Tejasbhai Dholakia - Bhavnagar | 5000 |
| Shri N.Bhau (Jwellers) Pvt. Ltd. - Mumbai | 75000 |
| Shri Navnit Foundation - Mumbai | 100000 |
| Shri Narendrabhai R. Mehta H.U.F. - Mumbai | 11,000 |
| Shri Hasmukhrai Hargovindrai Bhatt | |
| Shri Chandrikaben Bheda - Bhavnagar | 11,000 |
| Shri Vimla Motilal Laheri - Mumbai | 11,000 |
| Shri Sarmirbhai Chetanbhai Raval - Bhavnagar | 11,000 |
| Shri Arun Odhavji Mehta - Mumbai - | 11,000 |
| Shri Dravida Upadhyay | |
| Shri Uddhavlalji Memorial Trust - Vadodara | 10,000 |
| Shri Sudhirbhai Ratilal Patel - Vallabh Vidhyanagar | 8,200 |
| Shri Sambhav Pankajbhai Jain - Bhavnagar | 8,000 |
| Shri Sarita Chaudhari - Bhavnagar | 8,000 |
| Shri Pramod C. Gandhi - Bhavnagar | 6,000 |
| Shri Rajeshbhai Ramniklal Modi - Mumbai | 5,000 |
| Bhavini Rajeshbhai Modi - Mumbai | 5,000 |
| Shri Chhayaben Pramodkumar Gandhi - Bhavnagar | 5,000 |
| Shri Dilip Dodhiwala - Mumbai | 5,000 |
| Shri Manishaben Jayeshbhai Patel - Bhavnagar | 5,000 |
| Shri Natwarlal Ramniklal Chanchad - Bhavnagar | 5,000 |
| Shri Narendra Sharadchandra Gandhi - Bhavnagar | 5,000 |
| Shri Naliniben Narendrabhai Pandya - U. K. | 3,500 |
| Shri Rajan Chandrakantbhai Pandya - Tarsadi | 2,000 |
| Shri Harpalsinh Jadeja - Surendranagar | 2,000 |
| Shri Jagrutiben R. Pandya - Talaja | 1,500 |
| Shri Ujjwal R. Pandya - Surat | 1,500 |
| Shri Naliniben Narendrabhai Pandya - U. K. | 1,100 |
| Shri Hasmukhbhai Balvantrai Bhatt - Bhavnagar | 1,100 |
| Shri Udaybhai Prafulbhai Rathod - Bhavnagar | 1,000 |
| Shri Udaybhai Prafulbhai Rathod - Bhavnagar | 1,000 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| Shri Chetan Kishor Shah - Mumbai | 51,111 |
| Shri Bhupendrakumar Gandalal Nayee - U.K. | 48,552 |
| Shri Hansaben Kamleshbhai Mehta - Mumbai | 27,000 |
| Shri Manishaben Sanjaybhai Patel - U.K. | 25,000 |
| Shri Parvez Khan - Bhavnagar | 20,000 |
| Shri Upendra J. Trivedi - Mumbai | 12,000 |
| M/s. Mobile Pvt. Ltd. - Mumbai | 11,000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
### V.C. Lodhawala & Pratapbhai Parekh Ployclinic

| | Rs. |
|---|---|
| Shri Matushri Kashiben Chunilal Anandpara Charitable Trust - Mumabi | 25,000 |
| M/s. Himson Chemical - Mumabi | 1,11,111 |
| Shri Ashish Rajnikant Joshi - Ahmedabad | 10,000 |
| Shri Rajesh Ramniklal Modi - Mumabi | 5,000 |
| Shri Bhavini Rajeshbhai Modi - Mumabi | 5,000 |
| Shri Kiritbhai Jivanlal Hakani - Mumabi | 25,000 |
| Shri Upendra J. Trivedi - Mumabi | 12,000 |
| Shri Shashikant Ratilal Vadhar - Bhavnagar | 31,000 |

# દિવ્યાંગ બાળકની માતા પોતાના જેવા બાળકો માટે ઘરે જ કેન્દ્ર ખોલે છે

પોરબંદમાં જન્મી, ૧૯૯૧ માં મેરજ કરી વલ્લભ વિદ્યાનગરમાં બી.એડ. પુરું કરેલ. યુવા શિક્ષીત <u>લતા ઐયર</u>ના પતિનું મુંબઈના ભાયખલા પરાંમાં રેલ્વે અકસ્માતમાં યુવાન વયે મૃત્યુ થયું. તે ઓટિઝમથી પીડિત ૬ વર્ષની દિકરી અને નવ વર્ષના પુત્ર સાથે એકલી થઈ ગઈ. પતિની ગેરહાજરીમાં પણ તેના બાળકોને ઉત્તમ જીવનની તક આપવા માટે પૂરા પ્રયત્નો કર્યા. જે પોતાના ફાયદામાં પણ રહયું. આ એકેડેમિક કન્સલ્ટન્ટ માતાએ પોતાની કુશળતા પોતાના ઘેર વડોદરામાં નવ વર્ષ પહેલા ઓટિઝમવાળા બાળકો માટે કેન્દ્ર શરૂ કર્યુ. અત્યારે દિકરી અનુષ્કા ૨૫ વર્ષની થઈ છે. અને તેનો પુત્ર અક્ષય સી.એ. થયો છે અને સમગ્ર ઐયર પરિવાર ઓટિઝમવાળા બાળકોની સેવાઓને સમર્પિત છે. અનુષ્કા સાડા ત્રણ વર્ષની હતી ત્યારે ઓટિઝમનું નિદાન થયેલ, ખૂબ ખર્ચાળ સારવારમાં મુંબઈ-બેંગ્લોરની મુસાફરી, ઓકયુપેશનલ અને સ્પિચ થેરાપી પણ હતી. પર વર્ષની લતાબેન ઐયર યાદ કરતા કહે છે, ‘‘તેના પતિના આગ્રહથી જ તેણીએ સ્પેશ્યલ એજ્યુકેશમાં બી.એડ. મુંબઈ યુનિવર્સિટીમાં ૨૦૦૩ માં ખૂબ સફળતા પૂર્વક કર્યુ. મારા માતાપિતા વડોદરામાં હતા તેથી ત્યાં જ ઘણી શાળામાં શિક્ષક તરીકે સેવા આપી.’’ તેઓ ગુજરાતના એક માત્ર લાયસન્સડ ડિસ્લેક્સિયા થેરાપિસ્ટ તરીકે તેઓ પ્રમાણિત થયેલ છે. પોતાના મિત્રો, સગાઓ અને નોકરીની જગ્યાએથી, બાળકની સારવાર માટે ઉછીના પૈસા લેવા પડયા હતા. આમ તેણીએ ખર્ચાળ ડિસ્લેક્સિયા થેરાપિસ્ટ ટ્રેઈનિંગ પ્રોગ્રામ કન્ડકટેડ બાય ધ મહારાષ્ટ્ર ડિસ્લેક્ષિયા એસોશિએશન ઈન કોલેબોરેશન વિથ ધ મલ્ટિ-સેન્સરી લેન્ગ્વેજ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટયુટ ઓફ ન્યુ મેક્ષિકો ઈન ૨૦૦૭ ટીચ સેન્ટર ફોર ઓટિઝમ એન્ડ સ્પેશ્યલનીડ નામનું કેન્દ્ર પોતાના ઓલ્ડ પાદ્રા રોડના નાનકડા ઘરમાં ૨૦૧૧ માં શરૂ કર્યુ, પણ ‘છોકરાવ ઘોંઘાટ કરે છે.’ તેવી ફરિયાદો પાડોશીઓએ શરૂ કરી. પછીથી ભાડાના ઘરમાં ૨૦૧૫ થી કેન્દ્ર કાર્યરત છે. મોઢા-મોઢ પ્રચાર, સજ્જનો અને આર્થિક ક્ષમતાવાળા વાલીઓના સહકારથી આ કેન્દ્ર ચાલે છે. અત્યારે ૨૪ વિદ્યાર્થીઓ છે.

**સૌજન્ય :- ટાઈમ્સ ઓફ ઈન્ડિયા,** તા.૮/૧૨/૨૨

## ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ.કે. દ્વારા PNR સોસાયટીના જરૂરતમંદોને ગ્રોસરી કિટ સહાય વિતરણ

ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ.કે. અને PNR સોસાયટીના માધ્યમથી, કોરોના સંક્રમણ સમયમાં પ્રભાવિત નટરાજ સી.પી.સ્કૂલ, હાઈટેક ઈન્કલુઝીવ સ્કૂલ, દિવ્યાંગ મહિલા સશક્તિકરણ કેન્દ્ર, ડે કેર સેન્ટર, સિહોર, તળાજા, પાલિતાણા, મહુવા રિસોર્સ સેન્ટરો, એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક, અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની શાળા, શેઠશ્રી વી.સી.લોઢાવાળા હોસ્પિટલ તથા PNR હોસ્પિટલના જરૂરિયાતમંદ કોરોના પીડિત પરિવારોને તથા વર્ગ-૪ ના કર્મચારીઓને સંસ્થાના મહાનુભાવોના વરદ્ હસ્તે ૪૦૫ ગ્રોસરી કિટ સહાયનું વિતરણ કરવામાં આવ્યું.

## દિવ્યાંગ મહિલા આવાસ રિપેરીંગ સહાય યોજના



ભાવનગરની પી.એન.આર.સોસાયટી, નટરાજ કોલેજ કેમ્પસના કોન્ફરન્સ હોલમાં તા.૧૩ મે.૨૨ ના રોજ યુ.એસ.એ. સ્થિત દાતા શ્રીમતી ભારતીબેન હરેશભાઈ અજમેરા તથા શ્રીમતી ઉર્મિલાબેન અરૂણભાઈ કોઠારીની દરિયાદિલીથી જરૂરતમંદ દિવ્યાંગ મહિલાઓના જર્જરિત મકાનોને રિપેરીંગ કરાવી ચોમાસા પહેલા પુનઃવસવાટ લાયક બનાવવાના સ્તુત્ય નિર્ણયનો અમલ કરવા, રિપેરીંગ સહાય મંજૂરી પત્ર શ્રી સફિન હસન સાહેબ (ASP)ના હસ્તક અર્પણ કરવાનો એક કાર્યક્રમ સંપન્ન થયેલ. આમંત્રિત મહાનુભાવો તથા સંસ્થાના ટ્રસ્ટીગણ દ્વારા સાત દિવ્યાંગ મહિલાઓને મંજૂરી પત્રોનું વિતરણ થયેલ. સમારંભના અધ્યક્ષ શ્રી સફિન હસન સાહેબે (ASP) સમાજસેવાના પુણ્યકાર્યના હિસ્સેદાર બનતા, પી.એન.આર. સોસાયટીના જરૂરતમંદ દિવ્યાંગોના જર્જરિત મકાનમાંથી મંદિર બનાવવાના; સમસ્યાથી રડવાના બદલે ખંતપૂર્વક ભણી અને લડી લેવાનો અભિગમ અપનાવવાની અપીલ કરી, અન્ય સાથે સરખામણી ન કરતાં. સફળતાનો ફાયદો અથવા નિષ્ફળતામાંથી બોધપાઠ લેવાની ટીપ આપી. ''સમાજ પોતાના ફાયદાને લક્ષમાં રાખી તમારું મૂલ્યાંકન કરે છે, સમાજ સેવામાં પોલીસનો કોઈ રોલ નથી, છતાં જરૂર પડ્યે ત્યારે અમે તત્પર છીએ,'' તેવું આશ્વાસન આપી, સંસ્થાનો આભાર માનેલ.

## શ્રી પરાગભાઈ શેઠનું અનુકરણીય કાર્ય



પી.એન.આર. સોસાયટી સંચાલિત પી.એન.આર. હોસ્પિટલમાં આંખ વિભાગ કાર્યરત છે. જેમાં આંખના નંબર તથા મોતિયાની તપાસ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-'૨૨ દરમિયાન કુલ ૮૫૨૪ દર્દીને તપાસેલ. તેમાંથી કુલ ૧૮૯૬ મોતિયાના ઓપરેશન વિનામૂલ્યે કરેલ. ઓપરેશન પછી દર્દીને નંબરવાળા ચશ્મા પહેરવાની જરૂરિયાત હોય છે. તે માટે ચશ્માની લેટેસ્ટ ડિઝાઈનની ફ્રેમ દાતા શ્રી પરાગભાઈ શેઠ, મુંબઈ તરફથી જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

બહાર મળતી મોંઘી ચશ્માની ફ્રેમના વિનામૂલ્યે વિતરણથી, દર્દી જે આર્થિક રીતે નબળા હોય છે તેઓ મોટી રાહત અનુભવે છે.

## શ્રી કટકિયા પરિવાર તરફથી પી.એન.આર.સોસાયટીના આંગણે હરખ-જમણ

નટરાજ કોલેજ પરિસરમાં તા.૪-૫ ના રોજ સી.પી.સ્કૂલ ઓટિઝમ સ્કૂલ, હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના દિવ્યાંગ તથા સમધારણ બાળકો, સ્પે.શિક્ષકો, શિક્ષકો અને કર્મચારીગણ માટે શ્રી કેતનભાઈ કટકિયા અને શ્રીમતી મમતાબેન કેતનભાઈ કટકિયા (હાલ કેનેડા)ની સફળ ષષ્ઠિપૂર્તિ નિમિત્તે થયેલ **સ્વરૂચી ભોજનના** આયોજનમાં તથા અન્ય ભગિની સંસ્થાઓમાં કુલ **૧,૧૩૬** વ્યકિતઓએ આનંદપૂર્વક સુસ્વાદુ ભોજન આરોગી, દિલદાર કટકિયા દંપતિના દીર્ઘાયૂષ્ય અને સમૃધ્ધિની કામના કરેલ.



Sihor



Palitana



Mahuva

"Distribution of Ration-kits among families of Covid victims, courtesy Impact Foundation, U.K."



Talaja


સી.પી. બાળકો સ્ટેટ લેવલ ટીમ - ખેલ મહાકુંભ ૨૦૨૨


પી.એન.આર. ટ્રસ્ટી મંડળ મીટિંગ

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 ◆ Monthly
Date of Publication : 15 July - 2022 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com